P.07

બોલિવૂડ સોનુ સૂદની પત્નીનો મુંબઈ નાગપુર હાઇવે પર ભયાનક અકસ્માત



# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૨૨૧ । વિક્રમ સંવત ૨૦૮૧ : ફાગણ વદ ૧૧ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 221 • Dt.26-03-2025 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

P.07

'છાવા' સંસદમાં પ્રદર્શિત થશે, પીએમ મોદીએ સિનેમા અને ફિલ્મની પ્રશંસા કરી



ગાઝાપટ્ટીમાં ઇઝરાયલી હુમલાઓમાં ૬૫ જેટલા પેલેસ્ટિનિયનોના મોત નિપજયાં 07



26 MARCH- 2025 WEDNESDAY



07 જેહાદી સંગઠને નાઇજરના ગામને નિશાન બનાવ્યું । હુમલામાં ૪૪ નાગરિકોના મોત




The Demand for Cyber Security Professionals at All-Time high across the world.

Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD

www.cyberoctet.com

Cyber Octet™

Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance

+91 74053 21234

**સૌર ઉર્જા પ્રોજેક્ટ લોન્ચ કરશે**

**પ્રથમ તબક્કામાં રાજ્યના અમદાવાદ જિલ્લામાં આવેલા નાના ગામ બારેજામાં ૫૦ કિલોવોટથી વધુ ક્ષમતા ધરાવતા સ્થળોને પ્રાથમિકતા આપવામાં આવશે**

# રાજ્ય સરકાર ૮૦ નગરપાલિકાઓને આત્મનિર્ભર બનાવશે

## ૩૧ એ શ્રેણીની નગરપાલિકાઓ, ૨૦ "બી" શ્રેણીની નગરપાલિકાઓ, ૨૫ કે શ્રેણીની નગરપાલિકાઓ અને ૪ ડી શ્રેણીની નગરપાલિકાઓનો સમાવેશ

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૫ ।

પ્રથમ તબક્કામાં રાજ્યના અમદાવાદ જિલ્લામાં આવેલા નાના ગામ બારેજામાં ૫૦ કિલોવોટથી વધુ ક્ષમતા ધરાવતા સ્થળોને પ્રાથમિકતા આપવામાં આવશે. આ સૌર ઉર્જા પ્રોજેક્ટમાં રાજ્યની કુલ ૮૦ નગરપાલિકાઓમાંથી, ૩૧ એ શ્રેણીની નગરપાલિકાઓ, ૨૦ "બી" શ્રેણીની નગરપાલિકાઓ, ૨૫ કે શ્રેણીની નગરપાલિકાઓ અને ૪ ડી શ્રેણીની નગરપાલિકાઓનો સમાવેશ થાય છે.આપને જણાવી દઈએ કે, બારેજા નગરપ ાલિકાના પમ્પિંગ સ્ટેશન પર સૌર ઉર્જા દ્વારા વીજળી પૂરી પાડવા અંગે ગુજરાત વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે બારેજા નગરપાલિકા તરફથી કુલ ૧૩ સ્થળોએ સૌર પ્લાન્ટ લગાવવાનો પ્રસ્તાવ મળ્યો છે. જેમાં ૮ ટ્યુબવેલ, ૪ પમ્પિંગ સ્ટેશન, ૧ એસટીપીનો સમાવેશ થાય છે.બારેજા નગરપાલિકાના મહિજાદા પાટિયા એસટીપી ખાતે ૮૬.૨૧ લાખ રૂપિયાના ખર્ચે ૯૯ કિલોવોટ ક્ષમતાનો સૌર ઉર્જા પ્રોજેક્ટ સ્થાપવાનું કામ પ્રગતિમાં છે. જે કામ કરવામાં આવેલ કાર્ય ૩૧.૦૩.૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. આ પ્રોજેક્ટ દર વર્ષે ૧,૪૪,૦૦૦ યુનિટ વીજળી ઉત્પન્ન કરવાનો અંદાજ છે.મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ, રાજ્યના શહેરોમાં પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટર યોજનાઓનું અસરકારક અને કાર્યક્ષમ અમલીકરણ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ અને ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ દ્વારા કરવામાં આવી રહ્યું છે.



ઉપરાંત ઉત્તર ઝોન વિસ્તારના સિવિલ કામનો વાર્ષિક ઇજારા બાબતે રૂપિયા દસ લાખનું કામ સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂરી અર્થે રજૂ કરાયું છે. આમ કુલ રૂપિયા ૧૪૩.૪૯ કરોડથી વધુના કુલ ૨૮ કામ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે પરંતુ પાલિકાની ચૂંટણી અંગે હવે ગણતરીના મહિનાઓ બાકી છે ત્યારે ચોમાસા અગાઉ આ તમામ કામો પુરા થશે કે કેમ એ અંગે શંકા કુશંકાઓ સેવાઈ રહી છે.

**વિધાનસભામાં આગામી ૨૭મીએ ગુજરાતી ઇન્ડસ્ટ્રીના કલાકારોને આમંત્રણ આપવામાં આવશે**

# વિક્રમ ઠાકોરના વિવાદ બાદ । ગુજરાત રાજ્ય સરકાર ૩૦૦ કલાકારોને આમંત્રણ આપશે

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૨૫ ।

ગુજરાત વિધાનસભામાં આગામી ૨૭મીએ ગુજરાતી ઈન્ડસ્ટ્રીના કલાકારોને આમંત્રણ આપવામાં આવશે. આશરે ૩૦૦ જેટલા કલાકારો, એક્ટર-એક્ટ્રેસ, સંગીતકારો અને વાદકો વિધાનસભાની મુલાકાત લેશે. દરેક જિલ્લામાંથી ફિલ્મ અને સાંસ્કૃતિક ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકોને આમંત્રિત કરાયા છે.આ અગાઉ વિધાનસભામાં લોક



સાહિત્યકારોને આમંત્રિત કરવામાં આવ્યા હતા અને તેમને વિધાનસભાની કામગીરી દર્શાવવામાં આવી હતી. પરંતુ તે સમયે વિવાદ સર્જાયો હતો, કારણ કે લોકગાયક વિક્રમ ઠાકોરે ભાજપ પર પક્ષપાતનો આરોપ લગાવ્યો હતો. વિક્રમ ઠાકોરે જણાવ્યું હતું કે, આમંત્રિત કરવામાં આવેલા સાહિત્યકારો મુખ્યત્વે એક પક્ષ તરફ ઝુકાવ ધરાવતા હતા, જેને લઈને વિવાદ સર્જાયો હતો.આ ઘટનાને ધ્યાનમાં રાખીને આ વખતે કલાકારોને આમંત્રણ આપવાની જવાબદારી જાણીતા ગુજરાતી અભિનેતા અને પૂર્વ ધારાસભ્ય હિતુ કનોડિયા અને ભાજપના સાંસ્કૃતિક સેલના ઈન્ચાર્જ જનક ઠક્કરને સોંપવામાં આવી છે. આ નિર્ણયથી ઉદ્યોગના તમામ ક્ષેત્રોમાંથી પ્રતિનિધિત્વ મળે અને કોઈ પક્ષપાતનો આરોપ ન થાય તે માટે ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને સાંસ્કૃતિક ક્ષેત્રના લોકો વિધાનસભાની મુલાકાત દરમિયાન રાજ્ય સરકાર દ્વારા ઈન્ડસ્ટ્રીના વિકાસ માટે કયા પ્રયાસો થઈ રહ્યાં છે અને આગામી નીતિઓ શી રીતે ઉદ્યોગને લાભ આપે તે અંગેની માહિતી મેળવશે.

## ન્યૂઝ બ્રિફ

### મંજુસર જીઆઇડીસીમાં બે માસુમ બહેનો ગુમ થઈ જતા પોલીસની દોડાદોડ

। પ્રતિનિધિ, વડોદરા,તા.૨૫ ।

સાવલી તાલુકાના મંજુસર જીઆઈડીસીમાં બે માસુમ બહેનો રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ જતા જિલ્લા પોલીસે બંનેની શોધખોળ માટે દોડધામ શરુ કરી છે. મંજુસર જીઆઈડીસીમાં આવેલા એક ખુલ્લા પ્લોટમાં પ તરાના શેડમાં એક ચાર વર્ષ અને બીજી બે વર્ષની પુત્રી સાથે રહેતા પતિ પત્ની ગઈકાલે સવારે કામ ઉપર ગયા હતા. સાંજે તેઓ પરત ફર્યા ત્યારે તેમની બંને પુત્રીઓ ઘરમાં જણાઈ ન હતી બંને પ ુત્રીની શોધખોળ શરૂ કરતા તેઓ ચાલતા ચાલતા જતા હોવાનું જણાયું હતું.

### અમદાવાદના વસ્ત્રાપુરમાં નશામાં ધૂત કારચાલકે વાહનોને અડફેટે લીધા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૫ ।

અકસ્માત બાદ કરી મારામારીછેલ્લા કેટલાક સમયથી અમદાવાદ શહેરમાં હિટ એન્ડ રન અને ડ્રિન્ક એન્ડ ડ્રાઈવની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. ત્યારે અમદાવાદ વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા હિમાલયા મોલ નજીક સોમવારે (૨૪ માર્ચ) મોડી રાત્રે એક કારચાલકે નશાની હાલતમાં અકસ્માત સર્જી ૪થી ૫ વાહનોને અડફેટે લીધ હતા.

**૧ મહિનામાં ૩૦ લાખથી વધુ ભક્તો પરિક્રમા કરશે**

# સાબરકાંઠામાં આરોગ્ય કર્મીઓ હડતાળ ઉપર ઉતરતાં સરકારે કડક પગલાં લીધા

**નર્મદા નદી લગભગ છ કિમી સુધી ઉત્તર દિશામાં વહેતી હોવાથી ચૈત્ર મહિનામાં પંચકોશી ઉત્તરવાહિની પરિક્રમાનું વિશેષ માહાત્મય**

। પ્રતિનિધિ, હિંમતનગર, તા.૨૫ ।

સાબરકાંઠામાં ૭૦૦ આરોગ્ય કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા છે. પડતર માંગણીઓને લઈ અચોક્કસ મુદતની હડતાળમાં જોડાયેલા ૪૦૬ આરોગ્ય કર્મીઓને ટર્મિનેટ કરાયા છે. ગુજરાત સરકારે ઈએસએમએ હેઠળ પગલાં લીધાં છે.આરોગ્યકર્મીઓના આંદોલન વચ્ચે સરકાર એક્શનમાં જોવા મળી છે. ગુજરાત સ્ટેટ કંટ્રોલ રૂમ દ્વારા આંદોલનકારીઓને જરૂર પ ડ્યે અટકાયત કરવા આદેશ આપ્યા છે.ઈએસએમએને લઈ આરોગ્ય વિભાગે નોટિફિકેશન જારી કર્યુ હતું. હવે હડતાળ કરતા આરોગ્યકર્મીઓ સામે સરકાર દ્વારા સખ્ત કાર્યવાહી કરવામાં આવશે.સાબરકાંઠા જીલ્લામાં આરોગ્ય કર્મચારીઓની હડતાળ મામલે જિલ્લાના ૭૦૦ જેટલા આરોગ્ય કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા હતા. પડતર માંગણીઓને લઈ અચોક્ક્સ મુદતની હડતાળ પર ઉતર્યા હતા. હડતાળમાં જોડાયેલા ૪૦૬ આરોગ્ય કર્મીઓને ટર્મિનેટ કરાયા છે. ૫૫ કર્મચારીઓને આરોપનામું પણ આપવામાં આવ્યું છે. ગુજરાતના તમામ જિલ્લાઓમાં સરકારે પગલાં લીધા હોવાનું સામે આવ્યું છે.અરવલ્લી જીલ્લામાં ૩૦૭ કર્મચારીઓને ફરજ મુક્ત કરાયા છે. ૨૩ કર્મચારીઓને નોટિસ આપવામાં આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા હવે ઈએસએમએ હેઠળ કાર્યવાહી કરશે. આરોગ્ય કર્મચારીઓ લાંબા સમયથી તેમની વિવિધ માંગણીઓ માટે સરકારને વારંવાર રજૂઆત કરી રહ્યા હતા, પરંતુ તેઓએ સરકારને અનેક પત્રો લખ્યા હતા. પરંતુ કોઈ માંગણી ન સ્વીકારાતા ભારે નારાજગી બાદ હડતાળ પર ઉતરવાનો નિર્ણય લીધો હતો. તેના જવાબમાં, રાજ્ય સરકારે હવે એક મહત્વપૂર્ણ પગલું ભર્યુ છે. આરોગ્યકર્મીઓની હડતાળને કારણે દર્દીઓ જરૂરી સુવિધાથી વંચિત રહ્યાં છે. તબીબો પોતાની ફરજ ન નિભાવવાને કારણે સરકારે નોટિફિકેશન જારી કર્યુ હતું.આ નોટિફિકેશન આવશ્યક સેવાઓ પર લાગુ કરવામાં આવે છે. આરોગ્ય સેવાઓને પણ આવશ્યક સેવાઓમાં આવરી લેવાઈ છે. હવે વારંવાર હડતાળ કરતાં આરોગ્યકર્મીઓ સામે સરકાર કાર્યવાહી કરશે. ગુજરાત સરકારે હડતાળ પર રહેલા આરોગ્ય કર્મચારીઓ સામે આવશ્યક સેવાઓ જાળવણી અધિનિયમ લાગુ કર્યો છે. આ કાયદા હેઠળ, આરોગ્ય સેવાઓને આવશ્યક તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે, જેનો અર્થ એ થાય કે કામ પર પાછા ફરવાનો ઈનકાર કરનારા કર્મચારીઓને ગંભીર પરિણામોનો સામનો કરવો પડી શકે છે.

### અમદાવાદમાં ગૌ હત્યાના કેસમાં કોર્ટનો મોટો ચુકાદો બે આરોપીને ૭ વર્ષની સજા ફટકારી



। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટે ગૌ હત્યાના કેસમાં મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે બે આરોપીઓને ગૌ હત્યાના કેસમાં સાત વર્ષની સજા સંભળાવી છે, આ ઉપરાંત એક લાખ રૂપિ યા દંડ ફટકાર્યો છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૩માં સરદારનગર પોલીસ મથકે ગૌ હત્યાનો ગુનો નોંધાયો હતો.મળતી માહિતી અનુસરા, વર્ષ ૨૦૨૩માં ઈમરાન શેખ તેમજ મોહસીન શેખ સામે સરદારનગર પોલીસ મથકે ગૌ હત્યાનો ગુનો નોંધાયો હતો. પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ તેમજ ધ પ્રિવેશન ઓફ ક્રૂઅલ્ટી એનિમલ એક્ટની કલમ અંતર્ગત ગુનો નોંધાયો હતો. આ મામલે અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટે બન્ને આરોપીઓને ૭ વર્ષની સજા ફટકારી છે.

**૧૦૩ રસ્તે રઝડતા ઢોર પકડી લેવાયા**

### જામનગર પાલિકા દ્વારા શહેરી વિસ્તારમાં ઢોર પકડવાની ઝુંબેશ અવિરત ચાલુ



**શહેરમાં અલગ અલગ ચાર ટિમને દોડતી કરવામાં આવી**

। પ્રતિનિધિ, અમરેલી,તા.૫ ।

જામનગર મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ શાખા દ્વારા શહેરમાંથી રસ્તે રઝળતા પશુઓને પકડવા માટેની ઝુંબેશ ચાલુ રાખવામાં આવી છે, અને શહેરમાં અલગ અલગ ચાર ટિમને દોડતી કરવામાં આવી છે. જેમાં વહેલી સવારે એક ટીમ કાર્યરત છે. જ્યારે બપોરના સમયે બે ટીમને દોડતી કરાવાઈ રહી છે. ઉપરાંત રાત્રિના સમયે પણ એક ટીમ રસ્તે રઝળતા ઢોરને પકડી રહી છે. છેલ્લા એક સપ્તાહ દરમિયાન શહેરી વિસ્તારમાંથી ૧૦૩ પશુઓને પકડવામાં આવ્યા છે, અને જામનગર મહાનગરપાલિકા સંચાલિત જુદા-જુદા ત્રણ ઢોર વાડામાં મૂકવામાં આવ્યા છે, અને આ કાર્યવાહી અવિરત ચાલુ રખાઈ છે. જામનગર મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ શાખાના અધિકારી રાજભા જાડેજાની રાહબરીમાં સમગ્ર કાર્યવાહી કરવામાં આવી રહી છે, અને હાલ ત્રણેય ઢોરના ડબ્બામાં આશરે ૧૦૦૦ જેટલા પશુઓને રાખવામાં આવ્યા છે. જે તમામને નજીકના સમયમાં જ કચ્છની પાંજરાપોળ ખાતે અલગ-અલગ વાહનો માટે મારફતે મોકલવામાં આવશે. જેની પણ તૈયારીઓ હાથ ધરી લેવામાં આવી છે. જામનગર મહાનગરપ ાલિકાની સોલિડ વેસ્ટ શાખા દ્વારા શહેરમાંથી રસ્તે રઝળતા પશુઓને પ કડવા માટેની ઝુંબેશ ચાલુ રાખવામાં આવી છે, અને શહેરમાં અલગ અલગ ચાર ટિમને દોડતી કરવામાં આવી છે. જેમાં વહેલી સવારે એક ટીમ કાર્યરત છે. જ્યારે બપોરના સમયે બે ટીમને દોડતી કરાવાઈ રહી છે. ઉપરાંત રાત્રિના સમયે પણ એક ટીમ રસ્તે રઝળતા ઢોરને પકડી રહી છે. છેલ્લા એક સપ્તાહ દરમિયાન શહેરી વિસ્તારમાંથી ૧૦૩ પશુઓને પકડવામાં આવ્યા છે.

**૨૦૨૪માં તથ્યએ ગુજરાત હાઈકોર્ટમાં જામીન માટે અરજી કરી હતી**

**હાઈકોર્ટમાં જામીન માંગનાર તથ્ય પટેલે ઇસ્કોન બ્રિજ પર સર્જાયેલ અકસ્માતે રાજ્યભરમાં ઉહાપોહ મચાવ્યો હતો**

# અમદાવાદના ૯ લોકોને મોતને ઘાટ ઉતારનાર તથ્ય પટેલે હાઈકોર્ટમાં અરજી કરી

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૫ ।

અમદાવાદના ઈસ્કોન બ્રિજ અકસ્માતમાં ૯ લોકોને મોતને ઘાટ ઉતારનાર આરોપી તથ્ય પટેલે હાઈકોર્ટમાં કેસમાંથી મુક્તિ મેળવવા અરજી કરી છે. ડિસેમ્બર, ૨૦૨૪માં તથ્ય પટેલે ગુજરાત હાઈકોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. ૧૯મી જુલાઈની રાત્રે પોતાની



જગુઆર કારથી તથ્ય પટેલે ઈસ્કોન બ્રિજ પર ભયંકર અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં ૯ લોકોના ઘટનાસ્થળ પર જ મોત નિપજ્યા હતા અને ૧૩ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અગાઉ તેને હંગામી ધોરણે જામીન આપવામાં આવ્યા હતા.

હાઈકોર્ટમાં જામીન માંગનાર તથ્ય પ ટેલે ઈસ્કોન બ્રિજ પર સર્જાયેલ અકસ્માતે રાજ્યભરમાં ઉહાપોહ મચાવ્યો હતો. આ કેસ લાંબો સમય સુધી ચર્ચામાં રહ્યો હતો. જગુઆર કારથી અકસ્માત સર્જનાર તથ્ય પટેલ અને તેના પિતા સામે પણ અનેક ગુના નોંધાયા હતા. દરમ્યાન સાબરમતી જેલમાં સજા ભોગવનાર આરોપી તથ્ય પ ટેલ દ્વારા હાલમાં કેસમાંથી છુટકારો મળી જાય તેવી અરજી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

અમદાવાદ શહેરમાં આરોપી તથ્ય પટેલ અને તેના પિતા પ્રજ્ઞેશ પટેલ સામે ખંડણી, દુષ્કર્મ અને ઠગાઈ જેવા અનેક ગુનાઓ નોંધાયા છે. માહિતી મુજબ રાણીપ પોલીસ, સોલા પોલીસ, શાહપ ુર પોલીસ, ડાંગ પોલીસ, મહેસાણા પ ોલીસ, ક્રાઈમ બ્રાન્ચ અને મહિલા પોલીસ સ્ટેશનમાં ૧ – ૧ કેસ નોંધાયા છે.

## ગોંડલમાં રાજકુમાર જાટના મોત મામલે હવે ફરિયાદ નોંધાઈ

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૫ ।

રાજકોટના ગોંડલમાં રાજકુમાર જાટના મોત મામલે હવે ફરિયાદ નોંધાઈ છે. પૂર્વ ધારાસભ્યના બંગલામાં હાજર અજાણ્યા લોકો સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે, પોલીસે આખરે મૃતકના પિતાની ફરિયાદ નોંધી છે, જ્યારે ગણેશ જાડેજાએ પણ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, ગણેશ જાડેજાના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ માટે અરજી દાખલ કરવામાં આવી છે.ગોંડલ પોલીસ દ્વારા નવા સીસીટીવી ફૂટેજ જાહેર કરવામાં આવી રહ્યા નથી. રાજકુમાર જાટનો પીએમ રિપોર્ટ બહાર આવ્યો છે જેમાં અસહ્ય શારીરિક ત્રાસ આપવામાં આવ્યો છે કે કુદરતી મૃત્યુ થયું છે? તે અંગે કોઈ સ્પષ્ટ કારણ સામે આવ્યું નથી. મૃતક રાજકુમાર જાટના પિતાએ આરોપ મૂક્યો છે.

## બોલો બાળકની ટ્યુશન ફી માંગવા પર પતિએ પત્નીને કહ્યું તલાક.. તલાક.તલાક

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૫ ।

અમદાવાદના વેજલપુર પોલીસ સ્ટેશનમાં એક નજીવી બાબતે ટ્રિપલ તલાકની ફરિયાદ નોંધાવાની ઘટના સામે આવી છે. એક મુસ્લિમ મહિલાને તેના પતિએ નજીવી બાબતે છૂટાછેડા આપી દીધાનો મામલો પોલીસમાં સામે આવ્યો હતો. વેજલપુરમાં રહેતી એક મુસ્લિમ મહિલાએ તેના બાળકોની ટ્યુશન ફી ભરવા માટે તેના પતિ પાસે પૈસા માંગ્યા હતા. મહિલાએ તેના પતિને પૈસા માટે ઠપકો આપ્યો અને તેને માર મારવાનું શરૂ કર્યું. અહીં જ ન અટકતા, આ મુસ્લિમ પુરુષે તેની પત્નીને તલાક..તલાક.. તલાક.. કહીને છૂટાછેડા આપી દીધા. એક મુસ્લિમ મહિલાએ તેના પતિના આવા વર્તન અંગે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી.વેજલપુર પોલીસે મહિલાના પતિ વિરુદ્ધ મુસ્લિમ મહિલા અધિનિયમ હેઠળ ફરિયાદ નોંધી છે. પીડિત મહિલાનું કહેવું છે કે તેની પાસે કમાવાનું કોઈ સાધન નથી. બાળકો અને તેમનો ભરણપોષણ ફક્ત પતિની આવકથી થાય છે.

### રાજ્યના અનેક શહેરોમાં અગનભઠ્ઠી જેવી સ્થિતિ સર્જાય તેવી શક્યતા

# ગુજરાતમાં ગરમી ભુક્કા કાઢશે । અનેક જિલ્લાઓમાં હીટવેવની આગાહી

**આણંદ, અરવલ્લી, ભરૂચ, બોટાદ, છોટાઉદેપુર, જુનાગઢ, ખેડા, મહીસાગર, નર્મદા, પંચમહાલ, સાબરકાંઠા, વડોદરા સહિતના જિલ્લાઓમાં ૪૦ ડિગ્રી રહે તેવી શક્યતા**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૫ ।

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ સહન કરવો પડે છે. રાજ્યના અનેક શહેરોમાં અગનભઠ્ઠી જેવી સ્થિતિ સર્જાય તેવી શક્યતા છે. ૭ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર થાય તેવી આગાહી કરી છે.અમરેલી, તાપી સહિતના જિલ્લાઓમાં ૪૧ ડિગ્રી રહે તેવી શક્યતા છે. આણંદ, અરવલ્લી, ભરૂચ, બોટાદ, છોટાઉદેપુર, જુનાગઢ, ખેડા, મહીસાગર, નર્મદા, પંચમહાલ, સાબરકાંઠા, વડોદરા સહિતના જિલ્લાઓમાં ૪૦ ડિગ્રી રહે તેવી શક્યતા છે. તેમજ અમદાવાદ, બનાસકાંઠા, દાહોદ, ગાંધીનગર, મોરબી, મહેસાણા, પાટણ, રાજકોટ, સુરેન્દ્રનગર સહિતના જિલ્લાઓમાં ૩૯ ડિગ્રી રહે તેવી શક્યતા છે.માર્ચ મહિનામાં એક પછી એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સક્રિયાતાના કારણે રાજ્યમાં માર્ચના છેલ્લા સપ્તાહમાં પણ બેવડી ઋતુનો અનુભવ યથાવત્ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગે આગામી દિવસોમાં કમોસમી વરસાદ પડવાની આગાહી કરી છે. હવામાનની આગાહી મુજબ, ૨૪ માર્ચે પશ્ચિમ હિમાલય પ્રદેશમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પહોંચશે. આ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની ૨૬ માર્ચથી ગુજરાતમાં અસર જોવા મળશે. પશ્ચિમી ભેજવાળા પવનના કારણે આગામી ૧ એપ્રિલ સુધી રાજ્યનું વાતાવરણ



પલટાઈને વાદળછાયું બની શકે છે. આ દરમિયાન ૨૯ માર્ચથી ૧ એપ્રિલ સુધી રાજ્યમાં ગાજવીજ સાથે ૧૦ મીમી સુધી એટલે કે, અડધા ઈંચથી ઓછો કમોસમી વરસાદ વરસવાની શક્યતા છે. હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ સહન કરવો પડે છે.

રાજ્યના અનેક શહેરોમાં અગનભઠ્ઠી જેવી સ્થિતિ સર્જાય તેવી શક્યતા છે. ૭ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર થાય તેવી આગાહી કરી છે.અમરેલી, તાપી સહિતના જિલ્લાઓમાં ૪૧ ડિગ્રી રહે તેવી શક્યતા છે. આણંદ, અરવલ્લી, ભરૂચ, બોટાદ, છોટાઉદેપુર, જુનાગઢ, ખેડા, મહીસાગર, નર્મદા, પંચમહાલ, સાબરકાંઠા, વડોદરા સહિતના જિલ્લાઓમાં ૪૦ ડિગ્રી રહે તેવી શક્યતા છે. તેમજ અમદાવાદ, બનાસકાંઠા, દાહોદ, ગાંધીનગર, મોરબી, મહેસાણા, પાટણ, રાજકોટ, સુરેન્દ્રનગર સહિતના જિલ્લાઓમાં ૩૯ ડિગ્રી રહે તેવી શક્યતા છે.

## અમદાવાદના ક્રેન ધરાશાઈ મામલે રદ કરાયેલી તમામ ટ્રેન રાબેતા મુજબ શરૂ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદના વટવામાં બુલેટ ટ્રેનની કામગીરી દરમિયાન ક્રેન ધરાશાયી થતાં ટ્રેન કેન્સલ થઈ હતી. કેન્સલ થયેલી તમામ ટ્રેનો હવે રાબેતા મુજબ શરુ થઈ છે. અમદાવાદથી મુંબઈ જતી તમામ ટ્રેનો રદ્દ કરાઈ હતી. આજે સવારે ૪.૪૧ મિનિટે ટ્રેકને ક્લિયરન્સ અપાયો હતો. સવારે ૫.૪૫ કલાકે પ્રથમ ટ્રેન ટ્રેક પર રવાના થઈ હતી. બીજી ગાડી ગોરખપુર-અમદાવાદ પણ રવાના થઈ હતી. યુદ્ધનાં ધોરણે કામગીરી કરતા તમામ ટ્રેનો ફરીથી ચાલુ થઈ ગઈ છે.

રવિવાર રાત્રે બુલેટ ટ્રેનની કામગીરી દરમિયાન અમદાવાદના વટવા હાથીજણ વિસ્તારમાં રોપર બ્રિજ પાસે અચાનક એક મોટી ક્રેન તૂટી જતાં આ ઘટનામાં ૨ લોકો ઘાયલ થયા હતા. ત્યારે પશ્ચિમ રેલ્વેએ કેટલીક ટ્રેન ડાયવર્ટ કરાઈ હતી. અમદાવાદમાં બુલેટ ટ્રેનના થાંભલા પર મૂકેલી ક્રેન કોઈ કારણોસર અચાનક પડી જતાં અકસ્માત સર્જાયો હતો. આ બાબતની તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી અને પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ બાબતની જાણ નેશનલ હાઈ સ્પીડ રેલ્વે ઓથોરિટીના અધિકારીઓને પણ કરવામાં આવી હતી અને તેઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ અકસ્માતમાં ટ્રેનનો ઓવરહેડ વાયર તૂટી ગયો હતો, જેના કારણે મુંબઈ અને અમદાવાદ વચ્ચેનો રેલ વ્યવહાર ખોરવાઈ ગયો હતો.

### જુનાગઢ જિલ્લામાં કથિત મગફળી કૌભાંડને લઈને મોટા સમાચાર

# માળિયા કથિત મગફળી કૌભાંડમાં તા. પંચાયતના સદસ્યની કલેકટરને રજૂઆત

। પ્રતિનિધિ, જુનાગઢ,તા.૨૫ ।

જુનાગઢ જિલ્લામાં કથિત મગફળી કૌભાંડને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. માળિયા તાલુકા પંચાયતના સદસ્ય પિયુષ પરમારે આ મામલે સક્રિયતા દાખવી છે અને જિલ્લા કલેકટર તેમજ ખેતીવાડી અધિકારી સમક્ષ રજૂઆત કરી છે. પરમારે સમગ્ર જિલ્લામાં કાળી માટી હોવા છતાં ગોડાઉનમાં પડેલી મગફળી લાલ માટીની હોવાનો દાવો કર્યો છે, જેના કારણે આ કૌભાંડને લઈને અનેક શંકાઓ ઉભી થઈ છે.

પિયુષ પરમારે કલેકટરને કરેલી રજૂઆતમાં ગોડાઉનની સુરક્ષા વધારવાની માંગણી કરી છે, જેથી પુરાવા સાથે કોઈ ચેડાં ન થાય. આ સાથે જ તેમણે ખરીદીના સીસીવાયવી અને મંડળીઓ સંબંધિત માહિતીઓ પણ ઉપલબ્ધ કરાવવા જણાવ્યું છે. પરમારે ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી બે દિવસમાં આ મામલે યોગ્ય તપાસ કરવામાં નહીં આવે તો તેઓ આંદોલન કરશે.

આ ઘટનામાં વધુ એક ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. થાનના ગોડાઉનમાં લાગેલી આગમાં માળિયાની મગફળી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પિયુષ પરમારે થાનમાં લાગેલી આગ સંબંધિત માહિતીઓ પણ માંગાવી છે, જેથી આ ઘટનાના તાર ક્યાં જોડાયેલા છે તે જાણી શકાય.

માળિયા તાલુકા પંચાયતના સદસ્ય પિયુષ પરમારે જણાવ્યું હતું કે, ''જૂનાગઢ જિલ્લાની માટી કાળી છે, પરંતુ ગોડાઉનમાં જે મગફળી છે તે લાલ માટીની છે. આ એક ગંભીર બાબત છે અને આ કૌભાંડની તપાસ થવી જોઈએ. અમે કલેકટર સાહેબને રજૂઆત કરી છે કે ગોડાઉનની સુરક્ષા વધારવામાં આવે અને ખરીદી સંબંધિત તમામ માહિતી અમને આપવામાં આવે. જો બે દિવસમાં તપાસ શરૂ નહીં થાય તો અમે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરીશું.''

જિલ્લા ખેતીવાડી અધિકારી જીગર ભટ્ટે આ મામલે જણાવ્યું હતું કે, ''અમને રજૂઆત મળી છે અને અમે આ બાબતની ગંભીરતાથી નોંધ લીધી છે. અમે નિયમો અનુસાર આગળની કાર્યવાહી કરીશું અને તપાસમાં જે પણ તથ્ય સામે આવશે તે મુજબ પગલાં લેવામાં આવશે.''

આ ઘટનાએ જૂનાગઢના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે અને આગામી દિવસોમાં આ મામલે વધુ ખુલાસાઓ થવાની શક્યતા છે. શું આ ખરેખર મગફળી કૌભાંડ છે કે પછી કોઈપ.? તપાસ બાદ જ આ સવાલનો જવાબ મળી શકશે. હાલમાં તો માળિયાના સદસ્યની રજૂઆત અને તેમની ચીમકીએ સમગ્ર મામલાને નવો વળાંક આપ્યો છે. જુનાગઢ જિલ્લામાં કથિત મગફળી કૌભાંડને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. માળિયા તાલુકા પંચાયતના સદસ્ય પિયુષ પરમારે આ મામલે સક્રિયતા દાખવી છે અને જિલ્લા કલેકટર તેમજ ખેતીવાડી અધિકારી સમક્ષ રજૂઆત કરી છે.

## પ્રેમી સાથે ભાગી પ્રેમિકા તો ગુસ્સે ભરાયેલા પરિવારે ઘર પર ફેરવ્યું બુલડોઝર

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૨૫ ।

ગુજરાતના કેટલાક લોકોએ બુલડોઝર ન્યાયના મામલે ભૂપેન્દ્ર પટેલ સરકારમાંથી પ્રેરણા લીધી છે. ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના કરેલી ગામમાં એક વિચિત્ર ઘટના બની. એક પરિણીત સ્ત્રી એ જ ગામના છૂટાછેડા લીધેલા પુરુષ સાથે ભાગી ગઈ. આ પછી, મહિલાના પરિવારે ગુસ્સે થઈને તે પુરુષ અને તેના સંબંધીઓના ઘર પર બુલડોઝર ચલાવ્યું. વેદાચ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને બુલડોઝર ચાલક સહિત છ લોકોની ધરપકડ કરી. પોલીસે બુલડોઝર પણ જપ્ત કર્યું છે.એફઆઈઆર મુજબ, કરેલી ગામના રહેવાસી મહેશ ફુલમાલી એક પરિણીત મહિલા સાથે ભાગી ગયો હતો. મહેશ ફુલમાલી એક અઠવાડિયા પહેલા આણંદ જિલ્લાના અંકલાવ તાલુકામાં મહિલાના પિતાના ગામ ગયા હોવાનું કહેવાય છે. તેણે સ્ત્રીનું અપહરણ કર્યું. મહિલાના માતા-પિતાએ અંકલેશ્વર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.જ્યારે મહિલાના પતિ અને કારેલીમાં રહેતા પરિવારના સભ્યોને આ વાતની જાણ થઈ, ત્યારે તેઓ ફુલમાલીના ઘરે ગયા. તેઓએ તેના પરિવારને ધમકી આપી અને બે દિવસમાં હાજર થવા કહ્યું. જ્યારે ફુલમાલી ન આવી, ત્યારે મહિલાના પતિ અને પરિવારના અન્ય સભ્યો ફુલમાલીના ઘરે ગયા અને ત્યાંના લોકો સાથે દુર્વ્યવહાર કર્યો.

## અમેરિકામાં મહેસાણાના પિતા-પુત્રીની હત્યા,હુમલાખોરની ધરપકડ કરાઇ

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૨૫ ।

અમેરિકામાં વધુ એક ગુજરાતીની હત્યા કરાઈ હોવાનું સામે આવ્યું છે. અમેરિકાના વર્જિનિયા રાજ્યના એકોમેક કાઉન્ટીમાં મહેસાણાના કનોડા ગામના મૂળ વતની પટેલ પરિવારના બે સભ્યોની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે.મળતી માહિતી મુજબ, ૫૬ વર્ષીય પ્રદીપકુમાર રતિલાલ પટેલ અને તેમની ૨૪ વર્ષીય પુત્રી તેમની દુકાનમાં હતા ત્યારે એક અશ્વેત શખ્સે દુકાનમાં પ્રવેશ કરી બંને પર ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારમાં પિતાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે તેમની પુત્રીનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે હત્યા કરનાર અશ્વેત શખ્સની ધરપકડ કરી લીધી છે. હાલમાં પોલીસ હત્યાના કારણો અંગે તપાસ કરી રહી છે. સ્થાનિક પોલીસ અધિકારીઓએ માહિતી આપતા જણાવ્યું છે કે આ કેસમાં વધુ તપાસ ચાલી રહી છે અને ટૂંક સમયમાં હત્યાનું કારણ સામે આવશે. આ ઘટનાથી અમેરિકામાં વસતા ગુજરાતી સમુદાયમાં ભારે શોકની લાગણી ફેલાઈ છે.અગાઉ પણ લૂંટના ઈરાદે ત્રાટકેલા શખ્સોએ ગુજરાતી યુવકને પોઈન્ટ બ્લેકથી ગોળી ધરબી હત્યા કરી નાખી હતી.



### બજેટની વિરૂદ્ધમાં બહુમતી સધાઈ હતી

# મહુવા જિલ્લામાં ભાજપમાં આંતરિક ડખો : ૨૫માંથી ૧૮ સભ્યોનો બળવો । બજેટ પસાર ન થવા દીધું

## મહુવામાં ભાજપના રાજકારણમાં 'ઘર ફૂટે ઘર જાય..' જેવી સ્થિતિનો જવાળામુખી ફાટીને બહાર આવ્યો

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૨૫ ।

મહુવામાં ભાજપના રાજકારણમાં 'ઘર ફૂટે ઘર જાય..' જેવી સ્થિતિનો જવાળામુખી ફાટીને બહાર આવ્યો છે. નગરપાલિકાની સામાન્ય સભામાં શાસક ભાજપના ૨૫માંથી ૧૮ સભ્યોએ બળવો કરી પાંચ કરોડના પુરાંતલક્ષી બજેટની વિરૂદ્ધમાં મતદાન કર્યું હતું. વિરૂદ્ધમાં મતદાન કરનારા સભ્યોનો સાથ બેઠકમાં હાજર રહેલા એક માત્ર કોંગ્રેસના સભ્યએ પણ આપ્યો હતો. આમ, બજેટની વિરૂદ્ધમાં બહુમતી સધાઈ હતી.

મહુવા નગરપાલિકાના પ્રમુખની વરણી થઈ ત્યારથી ભાજપના નગરસેવકોમાં જૂથવાદ શરૂ થઈ ગયો હતો. ભાજપના આંતરિક વિખવાદનો ભોગ મહુવાની જનતા બને છે અને શહેરનો વિકાસ અટકી જતાં શાસકોથી નગરજનો ત્રાહિમામ પોકારી ગયા છે.

રોડ-રસ્તા અને અન્ય પ્રાથમિક સુવિધાઓના પ્રશ્નોની સ્થિતિ સુધારવાની વાત તો ઘરે ગઈ પણ ભાજપના કાર્યકરો તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓ અંદરો-અંદરના ડખામાંથી જ નવરા પડતા નથી. તેનો તાદ્રશ્ય દાખલો નગરપાલિકાની મળેલી સામાન્ય સભામાં જોવા મળ્યો છે. સોમવારે મહુવા પ




ાલિકામાં શાસક પક્ષે પાંચ કરોડનું પુરાંતલક્ષી બજેટ સર્વાનુમતે મંજૂર કરવા મુક્યું હતું.

સભામાં ભાજપના ૨૫માંથી ૮ સભ્ય અને કોંગ્રેસના ૧ સભ્ય મળી કુલ ૧૯ સભ્યએ બજેટની વિરૂદ્ધમાં મતદાન કર્યું હતું. જ્યારે ભાજપના સાત અને સમાજવાદી પાર્ટીના પ ાંચ મળી ૧૨ સભ્યએ સમર્થનમાં વોટ આપ્યો હતો. સાધારણ સભા શરૂઆતથી જ તોફાની બની હતી અને ભાજપનો વિહીપ વાચવાનો વિરોધ કરવામાં આવ્યો હતો. અસંતુષ્ટ સભ્યોએ એજન્ડા મુજબ કાર્યવાહી થતી ન હોવાનો બળાપો ઠાલવ્યો હતો. ભાજપના સભ્યોએ રોષ ઠાલવતા કહ્યું હતું કે, વર્તમાન પ્રમુખની વરણી સામે બહુમતી સભ્યોનો વિરોધ હતો તેમ છતાં પક્ષના આદેશને માન્ય રાખવામાં આવ્યો હતો. વરણીના સાડા ત્રણ માસ બાદ કમિટીની રચના માટે સામાન્ય સભા મળી હતી. તેમાં પક્ષના મેન્ડેટમાં પણ ગોલમાલ કરાઈ હતી. આ ઉપરાંત અમુક કમિટીની રચના અને પ્રતિનિધિની નિમણૂકમાં આજદિન સુધી પ્રમુખે સહી ન કરી હોવાથી કમિટી કામ કરી શકતી નથી. પ્રમુખના ગેરવહીવટ અને ભ્રષ્ટાચાર અંગે પક્ષના મોવડીઓને અવાર-નવાર રજૂઆત કરવામાં આવી છે અને એક માસમાં પ્રમુખ બદલવાની બાંહેધરી આપવામાં આવ્યાનો પણ ભાજપના સભ્યો તરફથી દાવો કરાયો છે. આમ, સાધારણ સભામાં ભાજપના વિખવાદે રાજકારણ ગરમાવ્યું છે અને આગામી દિવસોમાં કોઈ નવા-જૂની થાય તો પણ નવાઈ નહીં તેવું રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ જાગી છે. મહુવામાં ભાજપના રાજકારણમાં 'ઘર ફૂટે ઘર જાય..' જેવી સ્થિતિનો જવાળામુખી ફાટીને બહાર આવ્યો છે. નગરપાલિકાની સામાન્ય સભામાં શાસક ભાજપના ૨૫માંથી ૧૮ સભ્યોએ બળવો કરી પાંચ કરોડના પુરાંતલક્ષી બજેટની વિરૂદ્ધમાં મતદાન કર્યું હતું. વિરૂદ્ધમાં મતદાન કરનારા સભ્યોનો સાથ બેઠકમાં હાજર રહેલા એક માત્ર કોંગ્રેસના સભ્યએ પણ આપ્યો હતો. આમ, બજેટની વિરૂદ્ધમાં બહુમતી સધાઈ હતી. મહુવા નગરપાલિકાના પ્રમુખની વરણી થઈ ત્યારથી ભાજપના નગરસેવકોમાં જૂથવાદ શરૂ થઈ ગયો હતો.

### બગસરાના નામે એક કૌભાંડ સામે આવ્યું

# બગસરામાં, કોરોનાના 3 વર્ષમાં,ગામમાં રહેતા પરિવારો કરતા બમણા લગ્ન નોંધાયા હતા!

। પ્રતિનિધિ, અમરેલી,તા.૨૫ ।

બગસરાના નામે એક કૌભાંડ સામે આવ્યું છે.જેમા ૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૨ ના વર્ષોમાં કોરોનાના મુશ્કેલ સમયમાં લોકોની અવરજવર પર પ્રતિબંધો હતા. જ્યારે મેદનીના જાહેર સંગ્રહને નિયંત્રિત કરવામાં આવ્યો હતો, ત્યારે અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના ચાર ગામોમાં ૨૯૫૦ રજિસ્ટર્ડ લગ્ન નોંધાયા હતા. આ લગ્નોની સંખ્યા ચાર ગામોમાં રહેતા પરિવારોની કુલ સંખ્યા કરતા બમણી છે અને ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓમાંથી લોકો ખાસ લગ્ન નોંધણી કરાવવા માટે અહીં આવ્યા હતા.માહિતી અધિકાર હેઠળ સ્થાનિક વ્યક્તિ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ત્રણ વર્ષમાં સૌથી વધુ રજિસ્ટર્ડ લગ્ન હામાપરમાં ૧૩૪૧, જામકામાં ૯૪૪, મુંજિયાસરમાં ૩૮૦ અને લુંધિયામાં ૨૫૮ હતા. આ ચાર ગામોમાં કુલ ૧૬૧૩ પરિવારો રહે છે અને કુલ વસ્તી ૮૨૨૩ છે. અરજદારે પ્રશ્નમાં એ પણ પૂછ્યું હતું કે શું આ સમયગાળા દરમિયાન ગામમાં કોઈ વિલિનીકરણનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના જવાબમાં કહેવામાં આવ્યું હતું કે આ સમયગાળા દરમિયાન કોઈ વિલિનીકરણ થયું નથી. મોટો પ્રશ્ન એ છે કે આ ગામમાં કોઈ હોટલ, ડેસ્ટિનેશન વેડિંગ કે અન્ય કોઈ વ્યવસ્થા ન હોવા છતાં આટલી મોટી સંખ્યામાં લગ્ન કેવી રીતે રજીસ્ટર થયા.

## કચ્છમાં હિટ એન્ડ રનની ઘટનામાં બે મિત્રોના મોત, પરિવારમાં શોકનો માહોલ

। પ્રતિનિધિ, ભુજ, તા.૨૫ ।

રાજ્યમાં અકસ્માતની ઘટનાઓ દિવસેને દિવસે વધતી જઈ રહી છે. ત્યારે તાજેતરમાં કચ્છમાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત અંજારના સાપેડા નજીક સર્જાયો હતો. જેમાં હિટ એન્ડ રનની ઘટનામાં ૨ યુવાનોના મોત નિપ જ્યા હતા.મળતી માહિતી મુજબ બાઈક પર જતા બે યુવાનોને અજાણ્યા વાહને ટક્કર મારી હતી. જેના કારણે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારે અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવાનોને સારવાર મળે તે પહેલા બંનેનું મૃ ત્યુ નિપજ્યું હતું. અકસ્માત બાદ બંને યુવાનના મૃતદેહને પ ોસ્ટમોર્ટમ માટે અંજાર હોસ્પિટલ લઈ જવાયા હતા.રાજ્યમાં અકસ્માતની ઘટનાઓ દિવસેને દિવસે વધતી જઈ રહી છે. ત્યારે તાજેતરમાં કચ્છમાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત અંજારના સાપેડા નજીક સર્જાયો હતો. જેમાં હિટ એન્ડ રનની ઘટનામાં ૨ યુવાનોના મોત નિપજ્યા હતા.મળતી માહિતી મુજબ બાઈક પર જતા બે યુવાનોને અજાણ્યા વાહને ટક્કર મારી હતી.

## દ્વારકામાં સગીર હત્યા કેસમાં ઘટસ્ફોટ, નાણા માટે મિત્રએ જ મિત્રની હત્યા કર્યાનો ખુલાસો

। પ્રતિનિધિ, દ્વારકા, તા.૨૫ ।

જામખંભાળિયામાં મિત્ર દ્વારા જ પોતાના મિત્રની હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ધોરણ આઠ સુધીનો અભ્યાસ કરનાર ૧૫ વર્ષીય કેતન વાઘેલાની હત્યા તેના જ મિત્ર હર્ષ નાઘેરા દ્વારા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. હર્ષ નાઘેરા દ્વારા કેતન વાઘેલાના ગળામાં પહેરેલ સોનાની ચેનની લૂંટ કરવાના ઈરાદે ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. તેમજ લાશને ગટરના સંપમાં નાખી દઈ પુરાવાનો નાશ કર્યો હોવાનું પણ સામે આવ્યું છે.જામખંભાળિયા પોલીસ સ્ટેશન ખાતે મૃતકના પિતા અનિલ વાઘેલા દ્વારા હર્ષ નાઘેરા નામના વ્યક્તિ વિરુદ્ધ બીએનએસ ની કલમ ૧૦૩ (૧), ૧૦૯(૬), ૨૩૮ સહિતની કલમ હેઠળ ૨૦ માર્ચ ૨૦૨૫ના રોજ ગુનો નોંધાવવામાં આવ્યો છે. પોલીસને આપેલી ફરિયાદમાં અનિલ વાઘેલાએ જણાવ્યું છે કે, ૧૬ તારીખના રોજ દીકરો કેતન પોતાના મિત્ર હર્ષને મળવા જવું છે તેમ કહી મોટરસાયકલ લઈને ઘરેથી નીકળી ગયો હતો. રાત્રિના બે વાગ્યા સુધી પરત ન ફરતા તેને ફોન કરીને કહેતા તેણે કહ્યું હતું કે હું હમણાં ઘરે આવું છું. પરંતુ ત્યારબાદ પણ તે ઘરે પરત ન ફરતા તેને ફરી પાછો ફોન કરતા તેનો ફોન બંધ આવતો હતો. ત્યારબાદ તેના મિત્ર હર્ષના ઘરે રાત્રિના ત્રણ વાગ્યા આસપાસ તપાસ કરવામાં આવતા હર્ષે કહ્યું હતું કે, રાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધી કેતન મારા ઘરે હતો. પરંતુ બાદમાં મોટરસાયકલ પર તેના બે મિત્રો આવ્યા હતા અને કેતનને મને કહ્યું હતું કે હું અમને ચા-પાણી પીવડાવવા જાઉં છું તેમ કહી મારા ઘરેથી જતો રહ્યો હતો. કેતનના પિતા દ્વારા હર્ષના ઘરે તપાસ કરતા કેતનના ચંપલ ત્યાં પડેલા હોવાનું સામે આવ્યું હતું. તેમજ હર્ષના ઘરની પાસે જ કેતન જે મોટરસાયકલ લઈને ઘરેથી નીકળ્યો હતો તે મોટરસાયકલ પણ મળી આવ્યું હતું.






## તંત્રી લેખ...

# ઓપરેશન ઓલઆઉટ

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ રાજ્યમાં શાંતિ સ્થાપિત કરવાના તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જો કે હજુ સુધી સફળતા મળી રહી નથી. હજુ નાના હુમલા થઈ રહ્યા છે. આ હુમલાઓને રોકવા માટે તંત્ર સાવધાન છે. વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. સેના દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઓપરેશન ઓલઆઉટના કારણે વર્ષ ૨૦૨૨માં જ હજુ સુધી ૧૧૯ ત્રાસવાદીઓનો ખાતમો કરવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ઓપરેશન ઓલઆઉટના પરિણામસ્વરૂપે એકપછી એક મોટી સફળતા હાથ લાગી રહી છે. જમ્મુકાશ્મીરમાં સક્રિય ત્રાસવાદી સંગઠન હિઝબુલ મુજાહીદીન અને લશ્કરે તોયબાના તમામ ટોપના ત્રાસવાદીઓ ફુંકાઈ ચુક્યા છે. આ ઓપરેશન હેઠળ માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક પણ કબજે કરવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે ૨૦૦થી વધારે ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા છે. જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવા અને લોકોમાં આત્મવિશ્વાસ ભરવા માટે અનેક પગલાની જરૂર છે. સામાન્ય લોકો સુરક્ષા દળો અને સેનાની પૂરતી મદદ કરે તે જરૂરી છે. સ્થાનિક ત્રાસવાદીઓને રક્ષણ અને આશ્રય આપવાના બદલે તેમના સંબંધમાં ગુપ્ત માહિતી સુરક્ષા દળોને માહિતી આપે તે જરૂર છે. ત્રાસવાદ સામેની લડાઈમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા નાગરિકોની રહે છે. જો તમામ સતર્ક અને સાહસી તરીકે રહેશે તો ત્રાસવાદને પગ ફેલાવવાની તક મળશે નહી. દુનિયાની તમામ સરકાર, નેતા, ત્રાસવાદની સામે એક થઈ રહ્યા છે. એક થઈને જ ત્રાસવાદનો અંત લાવી શકાય છે. લોકો હુમલા બાદ નારાજગી પ્રગટ કરવા માટે આગળ આવે છે તેને ત્રાસવાદની હાર તો કહી શકાય છે પરંતુ ત્રાસવાદનો ખાતમો બાકી છે. આના માટે સમગ્ર માનવતા એક થાય તે જરૂરી છે. ત્રાસવાદને જીવિત રાખનાર, તેમને મદદ કરનાર. તેમને આશ્રય આપનાર દેશોની સામે પણ પગલા લેવા પડશે. સ્લીપર સેલને નષ્ટ કરવાની દિશામાં પગલા લેવા પડશે. ત્રાસવાદને મદદ કરનાર કોઈ પણ વ્યક્તિ, સંગઠન અથવા તો દેશ કેમ ન રહે તેની સામે સંયુક્ત યુદ્ધ છેડી દેવાની જરૂર છે. જો આવુ કરવામાં નહી આવે તો કઠોર પ્રતિક્રિયા, થવા તો લશ્કરી કાર્યવાહીથી ત્રાસવાદીઓ થોડાક દિવસ તો શાંત રહી શકે છે પરંતુ ફરી કોઈને કોઈ જગ્યાએ હુમલો કરીને રક્તપાત સર્જી દેશે. ભારત, અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન ત્રાસવાદીઓના હિટલિસ્ટમાં રહ્યા છે. તેમને દુનિયાના અન્ય દેશોની સાથે મળીને પોતાની ગુપ્તચર વ્યવસ્થાને સુધારી દેવા, સુરક્ષા દળોને આધુનિક કરવા અને ત્રાસવાદી સંગઠન પર કાર્યવાહી ની યોજના બનાવવી પડશે. જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી હુમલાની વાત હવે સામાન્ય બની ચુકી છે. ત્રાસવાદી હુમલોનો બનાવ જે કોઈ પણ હોય પરંતુ મોટો પ્રશ્ન એ થાય કે તે હુમલાને અમે કઈ રીતે હાથ ધરીએ છીએ.



**ચીનને તેની ભાષામાં જ જવાબ આપવાની જરૂર ઉભી થઇ છે...**

**ચીન અને ભારત વચ્ચે ૩૪૮૮ કિલોમીટર લાંબી સરહદ છે સરહદ સાથે જોડાયેલા પારસ્પરિક વિવાદને સમજી લઇને તેના ઉકેલ લાવવામાં આવે તે સમયની માંગ છે આના માટે ઇતિહાસના પાના ઉથેલવા જોઇએ. અરૂણાચલપ્રદેશ શરૂઆતથી ભારત અને ચીન વચ્ચે વિવાદના કારણ તરીકે છે**

# ચીનની ચાલાકી : ગુપ્ત રીતે નિર્માણ કામ

**ચીનની ચાલના મુલ્યાંકન બાદ જ પોતાના મોહરાનો ઉપયોગ કરવાની જરૂર : બાજી હંમેશા હાથમાં રાખવા માટે સાવધાની ખુબ જરૂરી છે**

ચીનની ચાલાકી વધી રહી છે. અરૂણાચલપ્રદેશમાં માર્ગ નિર્માણના બહાને ચીની સૈનિકોની ઘુસણખોરી રોજની વાત થઇ ગઇ છે.હાલમાં જ તુતિંગ અને કિવિથમાં ચીની સૈનિકોની ઘુસણખોરી થઈ હતી. સાથે સાથે ત્યાં ભારતીય જવાનોની પેટ્રોલિંગની પ્રક્રિયાની સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. ચીન અને ભારત વચ્ચે ૩૪૮૮ કિલોમીટર લાંબી સરહદ છે. સરહદ સાથે જોડાયેલા પારસ્પરિક વિવાદને સમજી લઇને તેના ઉકેલ લાવવામાં આવે તે સમયની માંગ છે. આના માટે ઈતિહાસના પાના ઉથેલવા જોઈએ. અરૂણાચલપ્રદેશ શરૂઆતથી ભારત અને ચીન વચ્ચે વિવાદના કારણ તરીકે છે. ચીન આને દક્ષિણ તિબેટના હિસ્સા તરીકે ગણે છે. સાથે સાથે જીદ્દી વલણ ધરાવે છે. બીજી બાજુ પ્રાચીનકાળથી જ આ હિસ્સો ભારતનો છે. રામાયણ, વૈદિક કાળ અને મહાભારતના સમયથી જ તેના ભારતમાં હોવાના પુરાવા મળ્યા છે. અમને સમજી લેવાની જરૂર છે કે ચીન ખુબ વિચારીને રણનિતી પર આગળ વધનાર દેશ છે. તે પોતાની આર્થિક પ્રગતિમાં કોઈ અડચણ ઈચ્છતુ નથી. તેની નીતિ તેના હરિફોને કોઈ પણ રીતે પરેશાન કરવાની રહી છે. પડોશી દેશોના નાગરિકોમાં અવિશ્વાસની ભાવના ઉભી કરવાનો તેનો હેતુ રહ્યો છે. ભારતને ભ્રમમાં મુકીને આગળ વધવા માંગે છે. ચીનની ચાલાકીનો હવે યોગ્ય જવાબ આપવાનો સમય છે. જે



રીતે ચેસના ખેલાડી દરેક ચાલનો જવાબ વિચારીને આપે છે તે રીતે ચીનની ચાલનો જવાબ આપવાની જરૂર છે. સરહદ પર ટેન્શનની ચીની ચાલને કોઈ પણ કિંમતે હળવાશથી લઈ શકાય નહી. અરૂણાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વારંવાર ચીની ઘુસણખોરીના સમાચાર આવતા રહે છે. અરૂણાચલપ્રદેશ અને સિક્કિમને લઈને તેની નીતિ પણ હમેંશા પ્રશ્નો ઉભા કરે છે. ચીનની ઘુસણખોરીને હળવાશથી લેવાની સ્થિતીમાં નુકસાન થઈ શકે છે. ચીનની દુસાહસની પ્રવૃતિ માત્ર દક્ષિણ ચીન દરિયા સુધી જ મર્યાદિત નથી. તે સમગ્ર દક્ષિણ એશિયામાં આને અજમાવવા માટે ઈચ્છુક છે. ડ્રેગન ભારતને સરહદી વિવાદ મામલે બેકફુટ પર લઈ જવા માટે પ્રયાસ કરે છે. ભારતીય સરહદમાં ક્યારેય લડાખમાં તો ક્યારેય અરૂણાચલ પ્રદેશમાં ચીની સૈનિકો ઘુસણખોરી કરતા રહે છે. હવે તેમની દરમિયાનીગીરી ઉત્તરાખંડ સુધી પહોંચીગઈ છે. આ બાબત અમારા માટે ચોક્કસપણે ચિંતાજનક છે. ચોક્કસપણે આ ઘુસણખોરી પાછળ ચીનની પહેલા જ વિચારવામાં આવેલી રણનિતી રહેલી છે. તેમાં ઉંડાણમાં જવામાં આવે તો જાણી શકાય છે કે કેટલાક પાસા તેમાં રહેલાછે. ભારતને દક્ષિણ એશિયામાં કઈ રીતે કાઉન્ટર બેલેન્સ કરવામાં આવે તેના પ્રયાસમાં ચીન રહે છે. આના કારણે જ તે સરહદી વિવાદ મામલે ભારતને હેરાન કરવાના પ્રયાસ કરે છે. તે ભારતમાં સરહદી વિસ્તારમાં ઘુસણખોરી કરીને ભારતને મંત્રણા ટેબલ પર લાવવા માટે ઈચ્છુક રહે છે. આ વખતે ચીન દક્ષિણ એશિયામાં વેપાર અને રોકાણમાટે પ્રવેશ ઈચ્છે છે. બાંગ્લાદેશ, મ્યાનમાર, ચીન કોરિડદોરની જેમ જ તે કેટલીક સુચિત યોજના ધરાવે છે. તે સંપૂર્ણ દક્ષિણ એશિયામાં પોતાના ભૌગોલિક જોડાણ જેમ તેમ વધારીને આગળ વધવાના પ્રયાસમાં રહે છે. ભારત તેની આ રણનિતીથી નારાજ છે. બીજો મોટો મુદ્દો એ છે કે ચીન નેપાળ, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના સંપર્કમાં રહીને તેમના ટેકાથી સાર્કના સભ્ય બનવાની નિતી પણ અપનાવી રહ્યુ છે. આના કારણે તેની ક્ષેત્રીય દરમિયાનગીરી વધારે વધી જશે. તે હાલના સમયમાં પોતાની સાથે નાના દેશોને લઈ લેવા માટે તમામ પ્રયાસ કરી રહ્યુ છે.તે દક્ષિણ એશિયામાં માત્ર કારોબાર અને રોકાણને વધારી દેવાના હેતુથી આવુ કરી રહ્યુ નથી બલ્કે ભારતને સરળરીતે કાઉન્ટર કરવાની રણનિતી હેઠળ આવુ કરી રહ્યુ છે. હાલમાં જ એક નવી રણનિતી હેઠળ ચીને ગિલગિટ-બાલતિસ્તાન વિસ્તારમાં ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોરને સુરક્ષા આપવા માટે કહ્યુ છે. અત્રે નોંધનીય છે કે ચીન આ કોરિડોર પર ૪૫ અબજ ડોલરથી ૩૦ અબજ ડોલરનુ રોકાણ કરી ચુક્યુ છે. ચીન કોરિડોરની સુરક્ષાના નામે પીપલ્સ લિબરેશન આર્મીને સિવિલ એન્જિનિયરના રૂપમાં ત્યાં ગોઠવી દેવાના પ્રયાસમાં છે. એટલે કે તે ગિલગિટ-બાલતિસ્તાનમાં સૈનિકોની હાજરીના કારણે ભારત પર વધારે દબાણ સર્જવાના પ્રયાસમાં છે. લડાખ ક્ષેત્રમાં જ્યારે પણ તેના દ્વારા ઘુસણખોરી કરવામાં આવે છે ત્યારે તેની આવી જ રણનિતી હોય છે. લડાખમાં ઘુસણખોરી અને અરૂણાચલ પ્રદેશના ઉત્તરીય ક્ષેત્રને દક્ષિણી તિબ્બેટ કહેવાની તેની નિતી બિલકુલ યોજનાપૂર્વકની રહી છે.

# બાળકોને પોષ્ટિક ચીજો જરૂરી



બાળકોને ગ્રોઈંગ એજમાં પૂરતા પ્રમાણમાં પોષ્ટિક અને યોગ્ય ડાઈટ આપવાની સલાહ નિષ્ણાંતો દ્વારા આપવામાં આવી છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે બાળકો સાથે બળજબરીપૂર્વક ન કરવી જોઈએ. બાળકોને પસંદગીની ચીજવસ્તુઓ આપવા માટે યોગ્ય વલણ અપનાવવાની સલાહ પણ આપવામાં આવી છે. અભ્યાસ મુજબ દરેક ચીજના પોષક તત્વો અંગે પહેલાં માતા-પિતા માહિતી મેળવે તે જરૂરી છે. માહિતી મેળવી લીધા બાદ બાળકોને ખૂબ જ સાવધાનીપૂર્વક આ ચીજવસ્તુઓ આપવી જોઈએ. બાળકોની ગ્રોઈંગ એજમાં તેમના માટે પોષક તત્વો ખૂબ જ જરૂરી છે પરંતુ આધુનિક સમયમાં ફૂડ વિકલ્પો વધી ગયા છે જેના પરિણામ સ્વરૂપે બાળકો જંક ફૂડની તરફ આકર્ષિત થયા છે. પૌષક નિષ્ણાંત સુનિતા દુબેનું કહેવું છે કે માતા-પિતાને બાળકોમાં ખાવા-પીવાની સારી ટેવ પાડવી જોઈએ. જો શરૂઆતથી જ આ ટેવ પાળવામાં આવે તો જીવનમાં આ ટેવ યથાવત્ રહે છે અને તેનો ફાયદો રહે છે. બાળકોની ડાઈટને લઈને નિષ્ણાંતોનું કહેવું છે કે સાવધાનીપૂર્વકનું વલણ ખૂબ જરૂરી છે. આનાથી બાળકોને એનર્જી મળવાની સાથે સાથે તેમના દીમાગ પણ સાફ બને છે. એટલામાં ઓછું હોય તેમ તેમના મૂડ ઉપર પણ આની અસર થાય છે. ક્લીનીકલ સાઈકોલોજીસ્ટ ડૉક્ટર નુપુર કૃષ્ણનનું કહેવું છે કે બાળકોને એનર્જીની ખૂબ જ વધારે જરૂર હોય છે. કારણ કે બાળકો આ વખતે ગોઈંગ એજમાં હોય છે. આમા કોઈ બાંધછોડ કરવામાં આવે તો તેમના વિકાસ ઉપર અસર થાય છે. બાળકોને પ્રતિ કિલોની દૃષ્ટિએ વાત કરવામાં આવે તો પુખ્તવયના લોકોની સરખામણીમાં વધારે કેલોરીઝની જરૂર પડે છે. બાળકોમાં મેટાબોલિઝમ રેટ ખૂબ વધારે હોય છે. વય વધવાની સાથે સાથે આમા ઘટાડો થાય છે. મોટા લોકોની સરખામણીમાં બાળકોની ફિઝિકલ એક્ટિવિટી વધારે હોય છે.



**ઇન્જેક્શનની પિડાથી ટુંક સમયમાં જ છુટકારો મળે તેવા સંકેત...**

**ટાઇપ-૧ ડાયાબિટીસના લાખો દર્દીને ઇન્જેક્શન અથવા તો સોઇ મારઉતે ઇન્સુલિન આપવામાં આવે છે કારણ કે આ દર્દીઓના શરીરમાં ઇન્સુલિનનુ નિર્માણ થઇ શકતુ નથી વૈશ્વિક ડાયાબિટીસના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે**

# હવે ઇન્સુલિનની ગોળી બની રહી છે

**વિશ્વમાં આશરે ચાર કરોડ લોકો ટાઇપ-૧ ડાયાબીટીસના દર્દી છે : મોટા ભાગના દર્દીને દરરોજ, દિવસમાં બે વખત ઇન્જેક્શનની ફરજ પડે છે**

દુનિયાભરમાં આશરે ચાર કરોડ લોકો ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દી છે. આ તમામ દર્દી પૈકી મોટા ભાગના દર્દીને દરરોજ, દિવસમાં બે વખત ઈન્સુલિનના ઈન્જેક્શન લેવાની ફરજ પડે છે. પોતાના બ્લડ શુગર લેવલને નિયંત્રિત રાખવા માટે આવા દર્દીને ઈન્જેક્શન લેવાની ફરજ પડે છે. પરંતુ હવે વૈજ્ઞાનિક ઈન્સુલિનની ગોળીઓ વિકસિત કરી રહ્યા છે. જેના કારણે ડાયાબિટીસના દર્દીને ઈન્ડેક્શનની પિડાથી રાહત મળી શકશે. ગોળી અને ઈન્જેક્શન વચ્ચે પસંદગી કરવાના વિકલ્પ મળવાની સ્થિતીમાં મોટા ભાગના દર્દી ગોળીને જ પસંદ કરશે તે બાબત તો નક્કી છે.

હકીકતમાં હાર્વર્ડ જોન એ પોલસન સ્કુલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ અપ્લાઈડ સાયન્સના શોધ કરનાર લોકોએ કહ્યુ છે કે શરીરમાં ઈન્સુલિનની સપાટી જાળવી રાખવા માટે એક ઓરલ મેથડ વિકસિત કરવામાં આવી છે. જેના મારફતે ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓને ઈન્સુલિનના ઈન્જેક્શન લેવાની જરૂર પડશે નહી. નિષ્ણાંતોએ કહ્યુ છે કે કેટલાક લોકો તો પિડાથી બચવા માટે ઈન્જેક્શનના ડરથી ઈન્સુલિન લઈ શકતા નથી. પરિણામ એ થાય છે કે શરીરમાં ગ્લાઈસેમિક નિયંત્રણ



ખરાબ થઈ જાય છે. જેના કારણે આરોગ્ય સાથે સંબંધિત ગંભીર સમસ્યા ઉભી થઈ શકે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે ટાઈપ-૧ ડાયાબિટીસના લાખો દર્દીને ઈન્જેક્શન અથવા તો સોઈ મારઉતે ઈન્સુલિન આપવામાં આવે છે. કારણ કે આ દર્દીઓના શરીરમાં ઈન્સુલિનનુ નિર્માણ થઈ શકતુ નથી. વૈશ્વિક ડાયાબિટીસના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે પણ સારા દેખાઈ રહ્યા નથી. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ૬૧ મિલિયન ડાયાબિટીસના દર્દીઓ છે. તેમાં ગયા વર્ષની સરખામણીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી ભારતમાં ડાયાબિટીસનો બોઝ ૧૦૦ મિલિયનના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. અગાઉ ૮૭ મિલિયનનો આંકડો મૂકવામાં આવ્યો હતો. ભારતમાં મોતનો આંકડો પણ વધારે છે. આ વર્ષે ડાયાબિટીસના કારણે ૯૮૩૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન (આઈડીએફ) દ્વારા આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આઈડીએફએ કહ્યું છે કે ભારતમાં ૨૦થી ૭૯ વર્ષની વયમાં ડાયાબિટીસના દર્દીઓનો આંકડો ૯.૨ ટકા છે. ભારત ચીન બાદ એવું બીજું દેશ છે જેમાં આંકડો ખૂબ વધારે છે. ભારતમાં આવનાર દેશોમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે. ભારતમાં ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા પણ ૧૧૨૦૦૦ની આસપાસ છે. આંકડા ચિંતાજનક છે કારણ કે ડાયાબિટીસની સમસ્યા હવે નિયમિત સારવારથી થઈ શકે છે. આઈડીએફના જણાવ્યા મુજબ આ વર્ષે ડાયાબિટીશથી ગ્રસ્ત લોકોની કુલ સંખ્યા ૩૬૬ મિલિયનની આસપાસ રહી છે જેમાં ૪.૬ મિલિયનના મોત થયા છે. આરોગ્ય સંભાળ દ્વારા ડાયાબિટીસ ઉપર ખર્ચ ૪૬૫ અબજ ડૉલર સુધી પહોંચી ગયો છે. નવા આંકડા સંકેત કરે છે કે ડાયાબિટીસથી ગ્રસ્ત લોકોની સંખ્યા આ વર્ષે ૩૬૬ મિલિયનથી વધીને વર્ષ ૨૦૩૦ સુધી ૫૫૨ મિલિયન સુધી પહોંચી જશે. જો પૂરતા પગલાં લેવામાં નહીં આવે તો સ્થિતિ વધુ ગંભીર બનશે. આંકડામાં જણાવવામાં આવ્યું છે કે દર ૧૦ સેકન્ડમાં ત્રણ નવા કેસ નોંધાઈ રહ્યા છે અથવા તો દર વર્ષે ૧૦ મિલિયનનો ઉમેરો થઈ રહ્યો છે. આ વર્ષે દક્ષિણ એશિયામાં ડાયાબિટીશના દર્દીઓની સંખ્યા ૭૧.૪ મિલિયનમાંથી આ સંખ્યા ૨૦૩૦ સુધી વધીને ૧૨૦.૯ મિલિયન સુધી પહોંચે તેવી શક્યતા છે. આઈડીએફએ એવો અંદાજ મૂક્યો છે કે ૩૬.૨ મિલિયનની હજુ ચકાસણી કરવામાં આવી નથી. દરેક પાંચ ડાયાબિટીસના રોગી પૈકી ચાર ૪૦થી ૫૯ સુધીની વયના છે. આશરે ૭૮૦૦૦ બાળકોને દર વર્ષે ટાઈપ-૧ ડાયાબિટીસ રોગની અસર થઈ રહી છે. ૨૦૩૦ સુધી દરેક દસ પુખ્તવયના લોકો પૈકી એકને ડાયાબિટીસની અસર રહેશે. ડાયાબિટીસના દર્દીઓને જુદી જુદી તકલીફ થવાની સ્થિતીમાં વધારે સાવધાની રાખવાની જરૂર પડતી હોય છે.

**સોડિયમનુ પ્રમાણ ઓછુ લેતા લોકો માટે પણ કેટલીક સલાહ...**

# વધારે સોડિયમના ઉપયોગથી થતી બિમારીને ધ્યાનમાં લઇને કેટલીક કંપનીઓ તો મિઠુમાં ઓછા સોડિયમનો દાવો પણ કરી રહી છે

સોડિયમના ઉપયોગને લઈને હમેંશા વિરોધાભાસી હેવાલ આવતા રહ્યા છે. સોડિયમ શરીર માટે નુકસાનકારક છે કે પછી ફાયદાકારક છે તેને લઈને વ્યાપક અભ્યાસ કરવામાં આવ્યા હોવા છતાં કોઈ બાબત નક્કરરીતે બહાર આવી શકી નથી. હવે નિષ્ણાંતો એમ પણ કહે છે કે સોડિયમનુ પ્રમાણ ખુબ ઓછુ રાખનાર લોકોને પણ તકલીફ થાય છે. અમે જે મિઠાનો ઉપયોગ મુખ્ય ઘટક તરીકે કરીએ છીએ તેમાં સોડિયમ હોય છે. સોડિયમના વધારે પ્રમાણના કારણે હાઈપરટેન્શન અને તેની સાથે જોડાયેલી બિમારી વધારે થાય છે. વધારે સોડિયમ સેવનથી થનાર બિમારીને ધ્યાનમાં લઈને કેટલીક કંપનીઓ દાવો કરે છે કે તેમની કંપની દ્વારા ઉત્પાદિત મીઠામાં સોડિયમનુ પ્રમાણ ખુબ ઓછુ છે. પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે જરૂર કરતા ઓછા પ્રમાણમાં સોડિયમના ઉપયોગથી પણ કેટલાક ખતરા રહેલા છે. ઓછુ સોડિયમ પણ ખતરનાક



સાબિત થઈ શકે છે. નેફ્રોલોજિસ્ટનુ કહેવુ છે કે જો વધારે સોડિયમનો ઉપયોગ નુકસાનકારક છે તો ઓછા પ્રમાણમાં સોડિયમ પણ ઘાતક બની શકે છે. જો મીઠામાં સોડિયમનુ પ્રમાણ ઓછુ રહેશે તો તેમાં પોટેશિયમનુ પ્રમાણ વધારે રહે છે. લોહીમાં વધારે પ્રમાણમાં પોટેશિયમ હોવાના કારણે હાઈપરકેલેમિયા નામની સમસયા ઉભી થઈ જાય છે. જેના કારણે ધબકારા ધીમા થાય છે. હાર્ટના ધબકારા ઘટી જાય છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ લિવર એન્ડ બાઈલરી સાઈન્સેઝના નેફ્રોલોજિસ્ટ નિષ્ણાંતોએ કહ્યુ છે કે તેમની પાસે દર મહિનામાં ચારથી પાંચત કિડનીના એવા દર્દી આવે છે જે લોકોએ તબીબોની સલાહ વગર સોડિયમનુ પ્રમાણ ખુબ ઓછુ કરી દીધુ હતુ. કેટલીક વખત તો તેમના આરોગ્ય પર ખુબ માઠી અસર થઈ છે. આના કારણે દર્દીને ડાયાલિસીસ કરાવવાની ફરજ પડે છે. કેટલાક કેસોમાં કાર્ડિયેક પેસમેકર મુકાવવાની પણ જરૂર પડે છે. આની બિલકુલ વિરુદ્ધમાં પણ કેટલાક તારણો આવી ચુક્યા છે. સોડિયમના ઉપયોગના મામલે હમેંશા વિરોધાભાસી હેવાલ આવતા રહ્યા છે. અમેરિકામાં તાજેતરમાં જ કરવામાં આવેલા નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે હાર્ટને હેલ્થી રાખવા માટે વધારે પડતાં સોડિયમના ઉપયોગને ટાળવામાં આવે તે જરૂરી છે. આ ઉપરાંત ફ્રેશ ચીજવસ્તુ ખાવાની સલાહ પણ આ અભ્યાસમાં આપવામાં આવી છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે હેલ્થી ડાઈટ ઘણી તકલીફથી દૂર રાખે છે પરંતુ અસંતુલિત ડાઈટના લીધે બ્લડપ્રેશર, કોલેસ્ટેરોલ, બ્લડ સુગરની સપાટી અને વજન સતત વધી જાય છે જેના કારણે હાર્ટના રોગનો ખતરો વધી જાય છે. બર્મીંગ્હામ સ્કૂલ ઓફ પબ્લીક હેલ્થમાં યુનિવર્સિટી ઓફ અલાબામાના સંશોધકોએ અભ્યાસ કર્યા બાદ આ મુજબના તારણો આપ્યા છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે હાર્ટના રોગ માટે એકંદરે ઘણા પરિબળો જવાબદાર રહે છે. સોડિયમ બ્લડપ્રેશરને વધારવામાં તથા અન્ય ઘણા રોગને આમંત્રણ આપે છે. ત્રણ અમેરિકનો પૈકી એક માટે સોડિયમ ખતરનાક હોવાની બાબત પણ જાણવા મળી છે જે હાઈબ્લડપ્રેશર વધારવામાં ભૂમિકા ભજવે છે. સોડિયમ સેલમાં પાણીને આકર્ષિત કરે છે જેથી બ્લડપ્રેશરમાં ફ્લુઈડ પ્રમાણ વધી જાય છે. આનાથી સ્ટ્રોક અને હાર્ટ એટેકના હુમલા થવાનો ખતરો વધી જાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ખતરામાં વધારો કરનાર અન્ય પરિબળો પણ છે. સર્વોચ્ચ સોડિયમના જથ્થાનો ઉપયોગ ખતરનાક છે. બ્લેક અને વાઈટ સોડિયમની અસર જુદી જુદી રહે છે. કાળા હાઈએસ્ટ સોડિયમના હિસ્સા (૨૬૦૦ એમજી પ્રતિદિવસ)થી મૃત્યુનો ખતરો ૬૨ ટકા વધી જાય છે. અભ્યાસ મુજબ સોડિયમના પ્રમાણને મર્યાદિત રાખવામાં આવે તે જરૂરી છે. ફ્રૂટ અને વેજીટેબલ જેવી ચીજવસ્તુ ખાવામાં દરરોજ ઉપયોગમાં લેવી જોઈએ. આનાથી વધારે પ્રમાણમાં પોટેશિયમ મળે છે જે બ્લડપ્રેશરને ઘટાડવામાં ઉપયોગી ભૂમિકા ભજવે છે. ફળ અને શાકભાજી માટે ફ્રેશ સર્વશ્રેષ્ઠ સોસ તરીકે છે. ફિશ પણ ઉપયોગી પસંદગી બની શકે છે. સપ્તાહમાં બે વખત ફિશ ખાવાની સલાહ સંશોધનમાં આપવામાં આવી છે જે હાર્ટ રોગના ખતરાને ઘટાડવા સાથે સંબંધિત સારા ફેટના સોર્સ તરીકે છે. સોડિયમ શરીર માટે અતિ ઉપયોગી ઘટક તરકે છે. તેના ઉપયોગની યોગ્ય માત્રા શરીર માટે રહે તે જરૂરી છે. સોડિયમ વધારે પ્રમાણમાં લેવાથી શ્રેણીબદ્ધ સમસ્યા ઉભી થાય છે. આવી રીતે ઓછા પ્રમાણથી પણ નુકસાન છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

દિલ્હી બજેટઃ ગયા નાણાકીય વર્ષના બજેટ કરતાં ૩૧.૫ ટકા વધુ । દિલ્હીના લોકોને સ્વચ્છ પાણી પૂરું પાડવા માટે

# દિલ્હીના બજેટમાં ૯ હજાર કરોડ રૂપિયાનું બજેટ રાખવામાં આવ્યું

દિલ્હી સરકારમાં નાણા વિભાગ સીએમ રેખા ગુપ્તા પાસે । મહિલા સમૃદ્ધિ યોજના માટે ૫૧૦૦ કરોડ રૂપિયા રાખવામાં આવ્યા । બજેટમાં યમુનાની સફાઈને પણ પ્રાથમિકતા આપવામાં આવી

। નવીદિલ્હી, તા.૨૫ ।

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ મંગળવારે વિધાનસભામાં ૧ લાખ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું. આમાં દિલ્હીના લોકોને સ્વચ્છ પાણી પૂરું પાડવા માટે ૯ હજાર કરોડ રૂપિયાનું બજેટ રાખવામાં આવ્યું છે. દિલ્હી સરકારમાં નાણા વિભાગ સીએમ રેખા ગુપ્તા પાસે છે. આ બજેટ ગયા નાણાકીય વર્ષના બજેટ કરતાં ૩૧.૫ ટકા વધુ છે.બજેટમાં યમુનાની સફાઈને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે. સીએમ રેખા ગુપ્તાએ કહ્યું કે યમુનાની સફાઈ અમારી પહેલી પ્રાથમિકતા છે. આ માટે ૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ગટર વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવશે. અમે યમુનાની સફાઈ માટે કેન્દ્ર સરકાર પાસેથી ૨,૦૦૦ કરોડ રૂપિયાની માંગ કરીશું.બજેટ રજૂ કરતી વખતે મુખ્યમંત્રીએ કહ્યું કે પાછલી સરકારનું ૨૦૨૩-૨૪નું બજેટ ૭૮,૮૦૦ કરોડ રૂપિયા હતું. ૨૪-૨૫ માટેનું બજેટ ઘટાડીને રૂ. ૭૬,૦૦૦ કરોડ કરવામાં આવ્યું. આ વખતે ૧ લાખ કરોડ રૂપિયાનું ઐતિહાસિક બજેટ છે જે ગયા વર્ષ કરતા ૩૧% વધુ છે. મૂડી ખર્ચ લગભગ બમણો થઈ ગયો છે. ગયા બજેટમાં તે ૧૫ હજાર કરોડ રૂપિયા હતું, જેને વધારીને ૨૮ હજાર કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે.







## દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ તેમનું પહેલું બજેટ રજૂ કર્યું

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ તેમનું પહેલું બજેટ રજૂ કર્યું જેમાં ઘણી મોટી જાહેરાતો કરવામાં આવી છે. સીએમ રેખા ગુપ્તાએ અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ રજૂ કર્યું અને દિલ્હીના લોકોને ઘણી ભેટો આપી. રેખા ગુપ્તાના બજેટમાં આરોગ્ય અને શિક્ષણ પર સૌથી વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. તેમણે દિલ્હીમાં આરોગ્ય સેવાઓ માટે કુલ ૬૮૭૪ કરોડ રૂપિયાનું બજેટ નક્કી કર્યું છે. જેમાં લોકોને ઘણા મોટા ફાયદા મળશે. બજેટમાં મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્ય પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. સીએમ રેખા ગુપ્તાએ બજેટમાં આરોગ્ય પર ૬૮૭૪ કરોડ રૂપિયા ખર્ચ કરવાની વાત કરી. જેમાં દિલ્હીની ૧૦ થી ૧૨ હોસ્પિટલોને ૧,૦૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.જેથી હોસ્પિટલોમાં સુધારાનું કામ થઈ શકે અને જે હોસ્પિટલો હાલમાં અધૂરી સ્થિતિમાં છે તેમનું કામ પૂર્ણ થઈ શકે.

## દિલ્હીમાં ટૂંક સમયમાં આયુષ્માન યોજના લાગુ કરવામાં આવશે

અગાઉના મુખ્યમંત્રી આયુષ્માન યોજનામાં પોતાનું નામ ઉમેરવા માંગતા હતા, તેથી તેમણે તેને લાગુ થવા દીધું નહીં. દિલ્હીમાં ટૂંક સમયમાં આયુષ્માન યોજના લાગુ કરવામાં આવશે. દિલ્હી સરકાર કેન્દ્રની જન આરોગ્ય યોજનામાં ૫ લાખ રૂપિયા ઉમેરીને વધુ આપશે. એટલે કે તેઓ ૧૦ લાખ કરોડ રૂપિયાનું કવર પૂરું પાડશે. આ યોજના માટે ૨૧૪૪ કરોડની રકમ ફાળવવામાં આવી હતી. મહિલા સમૃદ્ધિ યોજના માટે ૫૧૦૦ કરોડ અને માતૃત્વ વંદન યોજના માટે ૨૧૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. પાણી, વીજળી અને રસ્તાઓનો વિકાસ કરવામાં આવશે. જાહેરાત સરકારોએ પ્રચાર પર તેમની યોજના કરતાં વધુ ખર્ચ કર્યો. આરોગ્ય આયુષ મંદિર માટે ૩૨૦ કરોડ રૂપિયાનું બજેટ નક્કી કરવામાં આવ્યું છે. ડિજિટલ સિસ્ટમ્સ અને અભિમ પર ?

## ગર્ભવતી મહિલાઓના પોષણ માટે ૨૧૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે

રેખા ગુપ્તાએ જણાવ્યું હતું કે હોસ્પિટલોમાં પાયાની અને નાના પાયે સુવિધાઓ પણ ઉપલબ્ધ નથી. પાછલી સરકારે કરોડો રૂપિયા ખર્ચ્યા પણ જનતાને તેમાંથી કંઈ ફાયદો ન થયો. અમે આરોગ્ય ક્ષેત્રમાં માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવા માટે કામ કરીશું. અમે આરોગ્ય સુવિધાઓ સુનિશ્ચિત કરવા અને સિસ્ટમને આધુનિક બનાવવા માટે નીતિને આગળ ધપાવીશું.સીએમ રેખા ગુપ્તાએ જણાવ્યું હતું કે આરોગ્ય વીમા માટે બજેટમાં ૨૧૪૪ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં દિલ્હીના રહેવાસીઓને હવે ૧૦ લાખ રૂપિયાનો આરોગ્ય વીમો મળશે. આયુષ્માન યોજના હેઠળ, ૫ લાખ રૂપિયાનું કવર હશે જેના પર દિલ્હી સરકાર ૫ લાખ રૂપિયાનું ટોપ-અપ આપશે. એટલે કે દિલ્હીના રહેવાસીઓને ૧૦ લાખ રૂપિયાનો આરોગ્ય વીમો મળશે. બજેટમાં કહેવામાં આવ્યું છે કે ગર્ભવતી મહિલાઓના પોષણ માટે ૨૧૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. આ સાથે, મહિલા સમૃદ્ધિ યોજના માટે ૫૧૦૦ કરોડ રૂપિયા રાખવામાં આવ્યા છે.

## માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડે બાણ ગંગા ખાતે એક અત્યાધુનિક કતાર સંકુલનું ઉદ્ઘાટન કર્યું

। કટરા, તા.૨૫ ।

મા વૈષ્ણો દેવી ધામના ભક્તો માટે એક સારા સમાચાર છે. આગામી ચૈત્ર નવરાત્રીને ધ્યાનમાં રાખીને, શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડે બાણ ગંગા ખાતે એક અત્યાધુનિક કતાર સંકુલ (કયું કોમ્પ્લેક્સ)નું ઉદ્ઘાટન કર્યું છે. આ નવું સંકુલ ખાસ કરીને યાત્રાળુઓની વધતી સંખ્યા અને યાત્રા રૂટ પર ભીડને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે.આ નવું કતાર સંકુલ લગભગ ૧૦,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલું છે અને તેની કિંમત લગભગ ૩ કરોડ રૂપિયા છે. આ સંકુલમાં એક સમયે ૨૦,૦૦૦ ભક્તોને સમાવવાની ક્ષમતા છે. આ ઉપરાંત, પુરુષો અને સ્ત્રીઓ માટે અલગ-અલગ કતારોની વ્યવસ્થા કરવામાં આવી છે, જે મુસાફરીનો માર્ગ વધુ વ્યવસ્થિત બનાવશે.ભક્તોની સુવિધાને ધ્યાનમાં રાખીને, સંકુલમાં સ્વચ્છ પીવાનું પાણી, આરામદાયક રાહ જોવાની જગ્યા અને દિવ્યાંગો માટે અલગ પ્રવેશદ્વાર પણ બનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત, સંકુલની સુંદરતા વધારવા માટે એક ભવ્ય આરસપહાણથી શણગારેલો મંડપ પણ બનાવવામાં આવ્યો છે, જે મુલાકાતીઓને એક દૈવી અનુભવ આપે છે.દર વર્ષે નવરાત્રી દરમિયાન, લાખો ભક્તો મા વૈષ્ણો દેવીના દર્શન કરવા માટે કટરા પહોંચે છે.

## ભારતમાં પ્રતિભા અને ડિજિટલ શક્તિ છે, પરંતુ એઆઇ ઉત્પાદક બનવામાં તે પાછળ છે : રાઘવ ચઢ્ઢા

। નવીદિલ્હી, તા.૨૫ ।

રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે ગૃહમાં વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત 'વિશ્વ નેતા' બનશે. રાજ્યસભામાં શૂન્યકાળ દરમિયાન, આમ આદમી પાર્ટીના સાંસદ રાઘવ ચઢ્ઢાએ 'કૃત્રિમ બુદ્ધિમત્તા'નો મુદ્દો ઉઠાવ્યો. તેમણે કહ્યું કે ભારતની મોટી વસ્તી છેૈં કાર્યબળનો ભાગ છે, છતાં ભારત આ ક્ષેત્રમાં જે પ્રગતિ કરવી જોઈએ તે કરી શક્યું નથી. તેમણે કહ્યું કે આવનારા સમયમાં, જેની પાસે એઆઈની શક્તિ હશે તે વિશ્વનો નેતા બનશે, તેથી ભારતે 'મેક ઈન ઈન્ડિયા' ની સાથે 'મેક ઈન ઈન્ડિયા' ના મંત્ર સાથે આગળ વધવું પડશે. આના પર અધ્યક્ષ ધનખડે હસીને કહ્યું, 'ભારત વિશ્વ નેતા બનશે.'આપ નેતા રાઘવ ચઢ્ઢાએ કહ્યું કે આજે એઆઈ ક્રાંતિનો યુગ છે અને અમેરિકા પાસે પોતાના મોડેલ છે, જ્યારે ચીને ડીપસેકસ જેવું સૌથી સક્ષમ અને સૌથી ઓછી કિંમતનું એઆઈ મોડેલ વિકસાવ્યું છે. તેમણે કહ્યું કે અમેરિકા અને ચીન પાસે પોતાના સ્વદેશી મોડેલ છે પણ ભારત ક્યાં છે, તેનું પોતાનું જનરેટિવ એઆઈ મોડેલ ક્યાં છે? ચઢ્ઢાએ જણાવ્યું હતું કે ૨૦૧૦ થી ૨૦૨૨ સુધીમાં, વિશ્વમાં નોંધાયેલા તમામ પેટન્ટમાંથી, ૬૦ ટકા યુએસ દ્વારા અને ૨૦ ટકા ચીન દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યા હતા, જ્યારે ભારતે માત્ર ૦.૫ ટકા પ્રાપ્ત કર્યા હતા.

ત્રણ છોકરીઓ સગીર છે અને ૧૦ છોકરીઓ નેપાળી મૂળની

# દિલ્હી પોલીસે પહાડગંજ વિસ્તારમાંથી ૨૩ છોકરીઓને બચાવી । ૭ લોકોની ધરપકડ

પોલીસને આખા ગેરકાયદેસર સેક્સ રેકેટ વિશે ખબર પડી, ત્યારબાદ પોલીસે આ ગેંગના સભ્યો પર નજર રાખવાનું શરૂ કર્યું । કેટલાક પોલીસકર્મીઓએ નકલી ગ્રાહકો તરીકે પોતાને રજૂ કરીને ગેંગનો સંપર્ક કર્યો

। નવીદિલ્હી, તા.૨૫ ।

દિલ્હી પોલીસે પહાડગંજ વિસ્તારમાંથી ૨૩ છોકરીઓને બચાવી છે, જેમાંથી ત્રણ છોકરીઓ સગીર છે અને ૧૦ છોકરીઓ નેપાળી મૂળની છે. વાસ્તવમાં આ બધી છોકરીઓને પહાડગંજ જિલ્લાના એક ઘરમાં રાખવામાં આવી હતી. આ ગેંગે તે બધાને સેક્સ રેકેટમાં સંડોવ્યા હતા. ખરેખર, પોલીસને આખા ગેરકાયદેસર સેક્સ રેકેટ વિશે ખબર પડી, ત્યારબાદ પોલીસે આ ગેંગના સભ્યો પર નજર રાખવાનું શરૂ કર્યું.

પોલીસે છટકું ગોઠવ્યું અને કેટલાક પોલીસકર્મીઓએ નકલી ગ્રાહકો તરીકે પોતાને રજૂ કરીને ગેંગનો સંપર્ક કર્યો. આ પછી, પૈસાના લોભને કારણે ગેંગ પોલીસના જાળમાં ફસાઈ ગઈ અને ગેંગના સભ્યો નકલી ગ્રાહક બનીને છોકરી સાથે પોલીસ પાસે પહોંચ્યા કે તરત જ પોલીસ ટીમે ગેંગને પકડી લીધી. આ પછી, છોકરીઓની પૂછપરછ કર્યા પછી, પોલીસે છુપાયેલા સ્થળ પર દરોડો પાડ્યો. આ ઉપરાંત, પોલીસે પહાડગંજ વિસ્તારમાં આવેલી હોટેલ ગોડ ઈન અને હોટેલ મીની પેલેસમાં પણ દરોડા પાડ્યા હતા, જ્યાંથી છોકરીઓને બચાવી લેવામાં આવી હતી.



પોલીસે આ ગેંગના ૭ સભ્યોની ધરપકડ કરી છે. આમાંથી પાંચ બિહારના કિશનગંજ વિસ્તારના રહેવાસી છે અને બાકીના બેમાંથી એક દિલ્હીનો અને બીજો પશ્ચિમ બંગાળનો છે. હકીકતમાં, આ સાતેય આરોપીઓ દિલ્હીના અલગ અલગ વિસ્તારોમાં નાની-મોટી નોકરી કરતા હતા અને લગભગ ૧ થી ૨ મહિના પહેલા, તેઓ નાઝિમ નામના વ્યક્તિની સલાહથી આ ગેરકાયદેસર વ્યવસાયમાં જોડાયા હતા. નાઝીમ આ ગેંગનો લીડર છે અને નાઝીમ પણ બિહારના કિશનગંજનો રહેવાસી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આ ગેંગ ટુ વ્હીલર દ્વારા છોકરીઓને ગ્રાહકો પાસે મોકલતી હતી અને છોકરીઓને ગ્રાહકો પાસે મોકલવાના નામે ગ્રાહકો પાસેથી મોટી રકમ વસૂલતી હતી. દિલ્હી પોલીસે બચાવેલી સગીર છોકરીઓને આશ્રય ગૃહમાં મોકલી દેવામાં આવી છે.

હાલમાં, પોલીસનું કહેવું છે કે ધરપકડ કરાયેલા સાતેય આરોપીઓની ચકાસણી પણ કરવામાં આવી રહી છે જેથી તે જાણી શકાય કે તેઓ ખરેખર કિશનગંજના રહેવાસી છે કે ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશી છે.

આ એક પવિત્ર ભૂમિ છે, તપસ્યાનું સ્થળ

## છત્તીસગઢીઓ શ્રેષ્ઠ છે, મને આ સ્થળ સાથે ખાસ લગાવ છે : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

। રાંચી, તા.૨૫ ।

આ એક પવિત્ર ભૂમિ છે, તપસ્યાનું સ્થળ છે અને પવિત્ર ભૂમિ છે. આ પવિત્ર ભૂમિનું નામ છત્તીસગઢ છે. તે ઓડિશા કે છત્તીસગઢનો ભાગ હોઈ શકે છે, પરંતુ આ દેશ આપણા બધાનો છે. આ ભારત છે, આપણે બધા એક છીએ, તેથી જ મને છત્તીસગઢ સાથે ખાસ લગાવ છે. હું અહીં પાંચથી દસ વાર આવ્યો છું. આ રાજ્યના લોકો ખૂબ સારા છે, તેથી જ કહેવાય છે કે છત્તીસગઢીઓ શ્રેષ્ઠ છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ છત્તીસગઢ વિધાનસભાના રજત જયંતિ ઉજવણી દરમિયાન આ વાતો કહી હતી. 'છત્તીસગઢિયા સાબલે બઢિયા' ની ઘોષણા પર, ધારાસભ્યોએ ટેબલ પર તાળીઓ પાડીને તેમનું સ્વાગત કર્યું.રાજ્યના લોકોને રજત જયંતિની ઉજવણી પર લોકશાહી યાત્રાના ૨૫ વર્ષ પૂર્ણ થવા બદલ અભિનંદન આપતા તેમણે કહ્યું કે સીમાંકનની મર્યાદા હોય છે પરંતુ હૃદયમાં કોઈ દિવાલ હોતી નથી. આપણે બધા હૃદયથી એક છીએ. તેમણે કહ્યું કે ભલે તે છત્તીસગઢ હોય, ઓડિશા હોય કે ઝારખંડ. આપણે બધા હૃદયથી એક છીએ. આપણે બધા અલગ ન હોઈ શકીએ. ના, આપણે અલગ છીએ. જગન્નાથ પ્રભુ ફક્ત ઓડિશાના જ નથી, તેઓ વિશ્વના નાથ છે, છત્તીસગઢના પણ છે. ત્યાં દરરોજ ૫૬ કરોડ ચોખા રાંધવામાં આવે છે. આ ચોખા છત્તીસગઢ (દેવભોગ, છત્તીસગઢના ગારિયાબંદ જિલ્લાનો તહસીલ)નો છે. દુનિયાના લોકો આવું કહે છે.રાષ્ટ્રપતિ મુર્મુએ પોતાના સંબોધનની શરૂઆત જય જોહરથી કરી અને છત્તીસગઢ વિધાનસભાને તેની ૨૫મી ઉજવણી એટલે કે રજત જયંતિની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. છત્તીસગઢમાં લોકશાહીના આ ઉજવણીનો ભાગ બનીને મને ખૂબ આનંદ થાય છે. છત્તીસગઢ રાજ્યની સ્થાપના પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના માર્ગદર્શન હેઠળ થઈ હતી. આ પ્રસંગે અમે તેમનો આભાર માનીએ છીએ. અમે તેમના માનમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.તેમણે કહ્યું કે છત્તીસગઢમાં ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત લોકોને સમાજના મુખ્ય પ્રવાહમાં એકીકૃત કરવાનું કાર્ય તેના અંતિમ અને નિર્ણાયક તબક્કામાં પહોંચી ગયું છે.

## ન્યૂઝ બ્રિફ



મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની પહેલી પ્રતિક્રિયા આવી

## અમે વ્યંગ સમજીએ છીએ પણ તેની પણ એક મર્યાદા હોવી જોઈએ : શિંદે

। મુંબઇ, તા.૨૫ ।

કોમેડિયન કુણાલ કામરાના વિવાદાસ્પદ નિવેદન પર મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની પહેલી પ્રતિક્રિયા આવી છે. તેમણે કુણાલના કટાક્ષની તુલના કોઈને 'સુપારી' (કોન્ટ્રાક્ટ મની) હોવા સામે બોલવા સાથે કરી; મેં તે લઈને કર્યું. આ સાથે, તેમણે કહ્યું કે કટાક્ષ કરતી વખતે શિષ્ટાચાર જાળવવો જોઈએ, નહીં તો ક્રિયા પ્રતિક્રિયા તરફ દોરી જાય છે. સોમવારે કામરાની ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા શિંદેએ કહ્યું કે અભિવ્યક્તિની સ્વતંત્રતા છે અને અમે કટાક્ષ પણ સમજીએ છીએ, પરંતુ તેની એક મર્યાદા હોવી જોઈએ.૩૬ વર્ષીય સ્ટેન્ડ-અપ કોમેડિયનએ શિંદેનું નામ લીધા વિના તેમના શોમાં તેમની રાજકીય કારકિર્દી પર કટાક્ષ કર્યો હતો. તેમણે મહારાષ્ટ્રમાં થયેલા મોટા રાજકીય ઉથલપાથલનો પણ ઉલ્લેખ કર્યો. કામરાએ ફિલ્મ 'દિલ તો પાગલ હૈ' ના એક લોકપ્રિય હિન્દી ગીતની પેરોડી કરી. આમાં શિંદેનું નામ લીધા વિના તેમને 'દેશદ્રોહી' કહેવામાં આવ્યા હતા. તેમણે મહારાષ્ટ્રમાં તાજેતરના રાજકીય વિકાસ, જેમાં શિવસેના અને એનસીપીના વિભાજનનો પણ સમાવેશ થાય છે, પર મજાક ઉડાવી.આ ટિપ્પણી બાદ, શિવસેનાના કાર્યકરોએ રવિવારે રાત્રે મુંબઈના ખાર વિસ્તારમાં આવેલા હેબિટેટ કોમેડી ક્લબ પર હુમલો કર્યો હતો. કુણાલ કામરાનો શો અહીં યોજાયો હતો. આ સાથે, જે હોટલના પરિસરમાં ક્લબ આવેલી છે તેને પણ નુકસાન થયું હતું.

## બાંગ્લાદેશીઓનો આર્થિક બહિષ્કાર થવો જોઈએ : સાવરકરના પૌત્ર

। ઇન્દોર, તા.૨૫ ।

ઈન્દોરમાં વીર સાવરકરની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્યમંત્રી મોહન યાદવ ઉપરાંત સાવરકરના પૌત્ર રણજીત સાવરકર પણ હાજર હતા. તેમણે કહ્યું કે આપણે બાંગ્લાદેશીઓને આપણા દેશમાંથી બહાર કાઢી શકતા નથી પરંતુ તેમનો આર્થિક બહિષ્કાર કરવો જ જોઈએ. હવે તેઓએ પોતાની ઓળખ છુપાવવાનું શરૂ કરી દીધું છે. જો તેમનો બહિષ્કાર કરવામાં આવશે, તો તેઓ મુશ્કેલીમાં મુકાશે અને તેમને દેશ છોડવો પડશે. રણજીતે કહ્યું કે આઝાદી સમયે દેશમાં ૮ ટકા મુસ્લિમો હતા, જે હવે વધીને ૨૨ ટકા થઈ ગયા છે. ૧૯૭૦માં બાંગ્લાદેશથી દોઢ કરોડ મુસ્લિમો દેશમાં આવ્યા હતા. હવે તેમની સંખ્યામાં પણ ઘણો વધારો થયો છે. તેમણે એમ પણ કહ્યું કે ઘણા રાજ્યોમાં હિન્દુવાદી સરકારો છે. ઘણી બેઠકો ટૂંકા માર્જિનથી જીતી હતી. બાંગ્લાદેશી મુસ્લિમોને હવે ત્યાં સ્થાયી કરવામાં આવી રહ્યા છે, જેથી ભવિષ્યમાં તેમના ઉમેદવારો જીતી શકે.મુખ્યમંત્રી મોહન યાદવે કહ્યું કે વીર સાવરકરે ઘણી મુશ્કેલીઓ સહન કરી. જેલમાં તેમને ત્રાસ આપવામાં આવ્યો.

## લાલુ યાદવની ઇફ્તાર પાર્ટીમાં કોંગ્રેસના સભ્યો હાજર ન રહ્યા

। પટણા, તા.૨૫ ।

આરજેડીના વડા અને બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવની ઈફ્તાર પાર્ટીમાં ભૂતપૂર્વ ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવ અને ભૂતપૂર્વ સીએમ રાબડી દેવી સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. આરજેડી નેતા અબ્દુલ બારી સિદ્દીકીના ઘરે ઈફ્તાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ આ ઈફ્તાર પાર્ટીમાં કોઈ કોંગ્રેસી નેતા જોવા મળ્યા ન હતા. આ અંગે રાજકારણ ગરમાયું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે મહાગઠબંધન અને મુસ્લિમ ધાર્મિક સંગઠનોના તમામ મુખ્ય નેતાઓને ઈફ્તાર પાર્ટી માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

## મુખ્યમંત્રી નીતિશકુમારે નવી પેઢીને ખુરશી સોંપવી જોઈએ : મુકેશ સાહની

। પટણા, તા.૨૫ ।

જ્યારે પણ ચૂંટણીનો સમય નજીક આવે છે, ત્યારે મુખ્યમંત્રી નીતિશ કુમારની નિવૃત્તિ અંગેના નિવેદનો તેજ બને છે. જોકે, કેટલાક વીડિયો વાયરલ થયા પછી, આ નિવેદનો વધુ ઉગ્ર બન્યા છે. હવે વિકાસશીલ ઈન્સાન પાર્ટીના વડા અને બિહારના ભૂતપૂર્વ મંત્રી મુકેશ સાહનીએ કહ્યું કે નીતિશ કુમારની વૃદ્ધાવસ્થાને કારણે તેમની તબિયત બગડવા લાગી છે, તેમણે હવે પોતાની ખુરશી છોડી દેવી જોઈએ અને નવી પેઢીને તક આપવી જોઈએ.હકીકતમાં, પૂર્વ મંત્રી મુકેશ સાહનીએ હાજીપુરના બિદુપુરમાં શ્રી સદગુરુ જગુ સંતસંગમ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમિયાન જ્યારે મીડિયાએ મુકેશ સાહનીને સીએમ નીતિશ કુમાર દ્વારા રાષ્ટ્રગીતનું અપમાન કરવા અંગે પ્રશ્ન કર્યો ત્યારે તેમણે કહ્યું કે બિહારના મુખ્યમંત્રીએ રાષ્ટ્રગીતનું અપમાન કર્યું નથી. તેમણે કહ્યું કે જો કોઈનું સ્વાસ્થ્ય વૃદ્ધાવસ્થાને કારણે બગડે છે, તો તેને અપમાન કહી શકાય નહીં.તેમણે કહ્યું કે સીએમ નીતિશ કુમારની ભૂલ ખરાબ તબિયતને કારણે હતી. તેમણે નીતિશ કુમારને ખુરશી પ્રત્યેનો લગાવ છોડી દેવા અને નવી પેઢીને ખુરશી પર બેસવા દેવા વિનંતી કરી. તેમણે કહ્યું કે મુખ્યમંત્રીના ખરાબ સ્વાસ્થ્યને કારણે તેઓ કાયદો અને વ્યવસ્થા જાળવવામાં અને રાજ્યને આગળ લઈ જવામાં કોઈક રીતે નિષ્ફળ જઈ રહ્યા છે.તેમણે કહ્યું કે મુખ્યમંત્રીએ પોતાના પદ પરથી રાજીનામું આપવું જોઈએ અને આગામી પેઢીને ખુરશી પર બેસવા દેવી જોઈએ.

૧૩ એફઆઈઆર નોંધવામાં આવી | નાગપુર હિંસામાં વધુ ધરપકડ થશે કારણ કે નવા સીસીટીવી ફૂટેજ અને વીડિયો બહાર આવી રહ્યા છે : પોલીસ કમિશનર

# નાગપુર હિંસામાં અત્યાર સુધીમાં ૧૨૦ લોકોની ધરપકડ કરાઇ

। નાગપુર,તા.૨૫ ।

મહારાષ્ટ્રના નાગપુરમાં ૧૭ માર્ચે થયેલી હિંસાની તપાસમાં પ્રગતિના મુદ્દા પર પોલીસ કમિશનર રવિન્દ્ર સિંઘલે કહ્યું કે નાગપુર હિંસામાં વધુ ધરપકડ થશે કારણ કે નવા સીસીટીવી ફૂટેજ અને વીડિયો બહાર આવી રહ્યા છે. તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં ૧૨૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને ૧૩ એફઆઈઆર નોંધવામાં આવી છે. પોલીસ કમિશનરે કહ્યું કે સમગ્ર શહેરમાં શાંતિ છે, અને તપાસ દરમિયાન પોલીસને જે પણ પુરાવા મળી રહ્યા છે તે મુજબ તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

નાગપુર પોલીસ કમિશનરે કહ્યું, 'પુરાવાના આધારે તપાસ ચાલી રહી છે.'



સાયબર ટીમ અને સોશિયલ મીડિયા પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે, અને સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલ ખૂબ સારી રીતે કામ કરી રહ્યું છે. આમાં ઘણા લોકોની ઓળખ થઈ છે, અને પુરાવાના આધારે તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. તમને જણાવી દઈએ કે ૧૭ માર્ચે, છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં સ્થિત મુઘલ સમ્રાટ ઔરંગઝેબની કબરને દૂર કરવાની માંગણી સાથે જમણેરી સંગઠનોના નેતૃત્વમાં એક પ્રદર્શન દરમિયાન, શ્લોક લખેલી શીટ સળગાવવામાં આવી રહી હોવાની અફવા ફેલાતા, હિંસક ટોળાએ નાગપુરના અનેક વિસ્તારોમાં પથ્થરમારો અને આગચંપીની ઘટનાઓને અંજામ આપ્યો હતો.તમને જણાવી દઈએ કે ગયા અઠવાડિયે શહેરમાં થયેલી હિંસાના મુખ્ય આરોપી ફહીમ ખાનના બે માળના ઘરને સોમવારે સવારે મ્યુનિસિપલ સત્તાવાળાઓએ મોટી સંખ્યામાં પોલીસ દળોની હાજરીમાં અનધિકૃત બાંધકામને કારણે તોડી પાડ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, અધિકારીઓએ મહેલ વિસ્તારમાં આવેલા અન્ય આરોપી યુસુફ શેખના ઘરનો ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલ ભાગ પણ તોડી પાડ્યો હતો. હિંસાના સંદર્ભમાં માઈનોરિટી ડેમોક્રેટિક પાર્ટી (એમ્ડીપી) ના નેતા ખાન વિરુદ્ધ રાજદ્રોહનો કેસ નોંધવામાં આવ્યો છે. ૧૭ માર્ચે નાગપુર શહેરમાં ફાટી નીકળેલી હિંસાના સંબંધમાં ધરપકડ કરાયેલા ૧૦૦ થી વધુ લોકોમાં તે પણ સામેલ છે. મહારાષ્ટ્રના નાગપુરમાં ૧૭ માર્ચે થયેલી હિંસાની તપાસમાં પ્રગતિના મુદ્દા પર પોલીસ કમિશનર રવિન્દ્ર સિંઘલે કહ્યું કે નાગપુર હિંસામાં વધુ ધરપકડ થશે કારણ કે નવા સીસીટીવી ફૂટેજ અને વીડિયો બહાર આવી રહ્યા છે.

# અમેરિકા, જાપાન, કોરિયાના ઘણા જંગલોમાં ભીષણ આગ । પરિસ્થિતિ કાબુ બહાર





વોશિંગ્ટન : વિશ્વના ઘણા દેશોમાં જંગલોમાં આગ લાગી હતી. ઉત્તર કેરોલિનામાં જંગલમાં લાગેલી આગને કારણે અમેરિકામાં કટોકટીની સ્થિતિ જાહેર કરવી પડી હતી, જ્યારે પશ્ચિમ જાપાનના અનેક વિસ્તારોમાં લાગેલી આગમાં બે લોકો દાઝી ગયા હતા. અહીંના ડઝનબંધ રહેવાસીઓને પોતાના ઘર ખાલી કરવા પડ્યા. બીજી તરફ, દક્ષિણ કોરિયા પ્રજાસત્તાકના દક્ષિણ-પૂર્વીય ક્ષેત્રમાં ઘણી જગ્યાએ ફાટી નીકળેલી જંગલની આગને કાબુમાં લેવાનો સંઘર્ષ ચાલુ છે.અમેરિકાના ઉત્તર કેરોલિનામાં પરિસ્થિતિની ગંભીરતાને જોતાં, અહીંના એક કાઉન્ટીના લોકોને ફરજિયાતપણે પોતાના ઘર છોડવાની ફરજ પાડવામાં આવી છે. જંગલમાં વધતી જતી આગને કારણે પ્રાંતના ગવર્નરે કટોકટીની સ્થિતિ જાહેર કરી છે. જાપાનમાં જંગલમાં લાગેલી ભીષણ આગ વચ્ચે ડઝનબંધ લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે. આ સમયગાળા દરમિયાન, ઓકાયામા, ઈમાબારી અને આસોમાં સેંકડો હેક્ટર વિસ્તાર બળીને રાખ થઈ ગયો. દક્ષિણ કોરિયાના સિઓલથી ૨૫૦ કિલોમીટર દક્ષિણપૂર્વમાં આવેલા સાન્ચેઓંગ કાઉન્ટીમાં આગ શરૂ થઈ હતી અને તે અન્ય વિસ્તારોમાં ફેલાઈ ગઈ હતી.ઉત્તર કેરોલિના ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક સેફટીએ પશ્ચિમ ઉત્તર કેરોલિનામાં પોલ્ક કાઉન્ટીના કેટલાક ભાગો માટે ફરજિયાત સ્થળાંતર જાહેર કર્યું છે, જે શાર્લોટથી લગભગ ૧૨૯ કિલોમીટર પશ્ચિમમાં છે.

## ‘છાવા’ સંસદમાં પ્રદર્શિત થશે, પીએમ મોદીએ સિનેમા અને ફિલ્મની પ્રશંસા કરી




। નવીદિલ્હી, તા.૨૫ ।

મરાઠા શાસક છત્રપતિ સંભાજી મહારાજ પર આધારિત હિન્દી ફિલ્મ ‘છાવા’ ગુરુવારે સંસદ ભવનના પુસ્તકાલય ભવનમાં બાલયોગી ઓડિટોરિયમમાં પ્રદર્શિત કરવામાં આવશે. આ ખાસ સ્ક્રીનિંગમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રીઓ અને સાંસદો પણ હાજરી આપ શે. ફિલ્મના તમામ કલાકારો અને ક્રૂ સભ્યો, જેમાં સંભાજી મહારાજની ભૂમિકા ભજવનાર બોલિવૂડ અભિનેતા વિકી કૌશલનો પણ સમાવેશ થાય છે, તે સ્ક્રીનિંગમાં હાજરી આપે તેવી અપ ેક્ષા છે. પ્રધાનમંત્રીએ લગભગ એક મહિના પ હેલા આ ફિલ્મની પ્રશંસા કરી હતી, ત્યારબાદ હવે આ વીડિયો છદ્મૈં દ્વારા તેના સોશિયલ મીડિયા પર ફરીથી પોસ્ટ કરવામાં આવ્યો છે.૨૧ ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય રાજધાનીમાં અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલનને સંબોધતા વડા પ્રધાન મોદીએ કહ્યું, ‘મહારાષ્ટ્ર અને મુંબઈએ મરાઠી અને હિન્દી સિનેમાને નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે.’ આ દિવસોમાં, છવા દેશભરમાં ધૂમ મચાવી રહી છે. આ રીતે, શિવાજી સાવંતની મરાઠી નવલકથામાં સંભાજી મહારાજની બહાદુરીનો પરિચય કરાવવામાં આવ્યો છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં, વડા પ્રધાન તેમના કેબિનેટ સાથીદારો સાથે સંસદમાં ‘ધ સાબરમતી રિપોર્ટ’ના ખાસ સ્ક્રીનિંગમાં હાજરી આપી હતી.

### ઇઝરાયલે ફરીથી ગાઝામાં ઝડપી હુમલા શરૂ કર્યા

## ગાઝાપટ્ટીમાં ઇઝરાયલી હુમલાઓમાં ૬૫ જેટલા પેલેસ્ટિનિયનોના મોત નિપજ્યાં

**ઇઝરાયલે હમાસ સાથે યુદ્ધવિરામ તોડ્યા બાદ આ હુમલા કરવામાં આવ્યા હતા ઇઝરાયલી સુરક્ષા દળોએ છેલ્લા અઠવાડિયામાં ગાઝામાં હવાઈ અને જમીની કાર્યવાહીમાં સેંકડો લોકોને મારી નાખ્યા**

। ગાઝા, તા.૨૫ ।

યુદ્ધવિરામ સમાપ્ત થયા પછી, ઈઝરાયલે ફરીથી ગાઝામાં ઝડપી હુમલા શરૂ કર્યા છે. છેલ્લા એક દિવસમાં ગાઝામાં ૬૫ થી વધુ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે. ગાઝા આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે મૃતકોમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે.

ગાઝા આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈઝરાયલે હમાસ સાથે યુદ્ધવિરામ તોડ્યા બાદ આ હુમલા કરવામાં આવ્યા હતા. ઈઝરાયલી સુરક્ષા દળોએ છેલ્લા અઠવાડિયામાં ગાઝામાં હવાઈ અને જમીની કાર્યવાહીમાં સેંકડો લોકોને મારી નાખ્યા છે. ૧૭ મહિનાથી ચાલી રહેલા સંઘર્ષમાં મૃત્યુઆંક હવે ૫૦,૦૦૦ને વટાવી ગયો છે.



દરમિયાન, ઈજિપ્તે યુદ્ધવિરામ પુનઃસ્થાપિત કરવા માટે એક નવો પ્રસ્તાવ રજૂ કર્યો છે. ઈજિપ્તના એક અધિકારીએ જણાવ્યું હતું કે હમાસ પાંચ જીવંત બંધકોને મુક્ત કરશે, જેમાં અમેરિકન-ઈઝરાયલી બંધકોનો પણ સમાવેશ થાય છે, બદલામાં ઈઝરાયલ ગાઝામાં માનવતાવાદી સહાય પહોંચાડવા અને એક અઠવાડિયા માટે યુદ્ધવિરામની મંજૂરી આપશે. આ ઉપરાંત, ઈઝરાયલ સેંકડો પેલેસ્ટિનિયન કેદીઓને પણ મુક્ત કરશે.

હમાસના એક અધિકારીએ જણાવ્યું હતું કે જૂથે ઓફરનો સકારાત્મક પ્રતિભાવ આપ્યો છે પરંતુ વધુ વિગતો આપી નથી. બંને અધિકારીઓએ નામ ન આપવાની શરતે વાત કરી કારણ કે માહિતી ગુપ્ત હતી. અધિકારીઓને આ માહિતી મીડિયા સમક્ષ જાહેર કરવાનો અધિકાર નહોતો.

દરમિયાન, ઈઝરાયલે કહ્યું કે તેણે ગાઝામાં રેડ ક્રોસ ઓફિસ પર ભૂલથી ગોળીબાર કર્યો હતો. ઈઝરાયલી સૈન્યએ જણાવ્યું હતું કે સૈનિકોએ પેલેસ્ટિનિયન આતંકવાદીઓ તરફથી ખતરો ઓળખ્યો અને પછી ગોળીબાર શરૂ કર્યો. જોકે, સેનાએ એમ પણ કહ્યું હતું કે ઓળખ ખોટી હતી અને તે પછીથી જાણવા મળ્યું. સૈનિકોને ખ્યાલ નહોતો કે આ ઈમારતનો ઉપયોગ રેડ ક્રોસ દ્વારા કરવામાં આવી રહ્યો છે.

ઈઝરાયલી સૈન્યએ કહ્યું કે રેડ ક્રોસ ઓફિસમાં ગોળીબારની ઘટનાની સમીક્ષા કરવામાં આવશે. તે જ સમયે, રેડ ક્રોસનું કહેવું છે કે ગોળીબારને કારણે ઈમારતને નુકસાન થયું છે. જોકે, કોઈ કર્મચારીને ઈજા થઈ નથી.

### અધિકારીઓએ અફઘાન બાળકોના પરત ફરવાની ખાતરી કરી

## પાકિસ્તાન ગેરકાયદેસર રીતે રહેતા અફઘાન નાગરિકોને પાછા મોકલી રહ્યું છે

**પાકિસ્તાનમાં ખૈબર જિલ્લા સરહદ દ્વારા ગેરકાયદેસર રીતે દેશમાં પ્રવેશેલા ૫૩ અફઘાન બાળકોને તેમના દેશમાં પાછા મોકલી દેવામાં આવ્યા**

। પેશાવર,તા.૨૫ ।

પાકિસ્તાનમાં ખૈબર જિલ્લા સરહદ દ્વારા ગેરકાયદેસર રીતે દેશમાં પ્રવેશેલા ૫૩ અફઘાન બાળકોને તેમના દેશમાં પાછા મોકલી દેવામાં આવ્યા છે. એક અધિકારીએ આ અંગે માહિતી આપી છે. અધિકારીએ જણાવ્યું કે આ બાળકો કામની શોધમાં પાકિસ્તાનમાં પ્રવેશવા માટે સરહદની વાડ કાપ ીને ગયા હતા. તેમણે કહ્યું કે બધા બાળકોને અફઘાન અધિકારીઓને સોંપી દેવામાં આવ્યા છે.અધિકારીએ જણાવ્યું કે તોરખામ સરહદ ચોકી પર તૈનાત અધિકારીઓએ આ અફઘાન બાળકોના પરત ફરવાની ખાતરી કરી છે. અધિકારીએ એમ પણ કહ્યું કે અફઘાન બાળકો દ્વારા ગેરકાયદેસર રીતે સરહદ પાર કરવાના બનાવો વધી રહ્યા છે, દરરોજ આવા લગભગ ૭૦૦ પ્રયાસો કરવામાં આવે છે.પાકિસ્તાનમાં ગેરકાયદેસર રીતે રહેતા અફઘાન નાગરિકોને પરત મોકલવાની પ્રક્રિયા પણ ચાલુ છે અને ૨૦ માર્ચ સુધીમાં ૮ લાખથી વધુ લોકોને તેમના દેશમાં પાછા મોકલવામાં આવ્યા છે. પ ાકિસ્તાન સરકારે ગેરકાયદેસર રહેવાસીઓ અને અફઘાન નાગરિકતા કાર્ડ ધારકોને દેશ છોડવા માટે ૩૧ માર્ચની સમયમર્યાદા નક્કી કરી છે. આ અંતર્ગત, અત્યાર સુધીમાં ૮,૭૪,૨૮૨ અફઘાન લોકોને પાકિસ્તાનથી પાછા મોકલવામાં આવ્યા છે. આતંકવાદ સંબંધિત ચિંતાઓને કારણે સરકારે આ પગલું ભર્યું છે.દરમિયાન, અમે તમને અહીં એ પણ જણાવી દઈએ કે ખૈબર પખ્તુનખ્વાના ગવર્નર ફૈઝલ કરીમ કુંડીએ કહ્યું છે કે અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ પાકિસ્તાન વિરુદ્ધ થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે આ મુદ્દા પર અફઘાન સરકાર સાથે ઘણી વખત ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી, પરંતુ કોઈ ફાયદો થયો નથી. ગવર્નર હાઉસ ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે પાકિસ્તાન સરકારે વારંવાર અફઘાન વહીવટીતંત્રને જાણ કરી છે કે અમેરિકા દ્વારા છોડવામાં આવેલા શસ્ત્રો હવે આતંકવાદીઓના હાથમાં છે અને તેનો ઉપયોગ પાકિસ્તાન વિરુદ્ધ થઈ રહ્યો છે. પાકિસ્તાનમાં ખૈબર જિલ્લા સરહદ દ્વારા ગેરકાયદેસર રીતે દેશમાં પ્રવેશેલા ૫૩ અફઘાન બાળકોને તેમના દેશમાં પાછા મોકલી દેવામાં આવ્યા છે. એક અધિકારીએ આ અંગે માહિતી આપી છે.

## બોલિવૂડ સોનુ સૂદની પત્નીનો મુંબઈ નાગપુર હાઇવે પર ભયાનક અકસ્માત



। મુંબઇ, તા.૨૫ ।

બોલિવૂડ અભિનેતા સોનુ સૂદના પરિવાર સાથે જોડાયેલી એક મોટી ખબર સામે આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે અભિનેતાની પત્ની અને પરિવારના કેટલાક સભ્યો માર્ગ અકસ્માતનો ભોગ બન્યા છે. આ ઘટના સોમવારે મોડી રાત્રે બની હોવાનું કહેવાય છે. સોનુ સૂદના નજીકના સંબંધી પાસેથી મળેલી માહિતી મુજબ, આ અકસ્માત મુંબઈ નાગપુર હાઈવે નજીક થયો હતો. ઘટનાની માહિતી મળતા જ સોનુ સૂદ નાગપુર જવા રવાના થઈ ગયો. એવું કહેવાય છે કે સોનુ સૂદની પત્ની સોનાલી, તેની બહેનનો દીકરો એટલે કે ભત્રીજો અને તેની બહેન કારમાં હતા. કાર એક ટ્રક સાથે અથડાઈ છે. સામે આવેલી તસવીરો અનુસાર, કાર સંપૂર્ણપણે નાશ પામી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ગેંગમાં હાજર સોનુ સૂદની પત્ની અને ભત્રીજો ઘાયલ થયા છે. સોનાલી સૂદ અને તેના ભત્રીજાની મેક્સ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. બંનેને ૪૮ થી ૭૨ કલાક સુધી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવશે. સૂત્રએ જણાવ્યું કે સોનુ સૂદને અકસ્માતની જાણ થતાં જ તે તાત્કાલિક તેની પત્ની પાસે પહોંચ્યો અને ગઈકાલ રાતથી નાગપુરમાં છે. અભિનેતાના પ્રવક્તાએ પણ આ સમાચારની પુષ્ટિ કરી અને કહ્યું, ‘હા, સોનાલીનો અકસ્માત થયો છે.’ સોનુ અત્યારે ઉપલબ્ધ નથી.

## સાઉદી અરેબિયામાં અમેરિકન અને રશિયન વાટાઘાટકારો વચ્ચે વાતચીત શરૂ

। ક્વિ, તા.૨૫ ।

યુક્રેનમાં આંશિક યુદ્ધવિરામ પર અમેરિકા અને રશિયન વાટાઘાટકારો વચ્ચે સાઉદી અરેબિયામાં વાતચીત શરૂ થઈ. આ માહિતી રશિયન સમાચાર અહેવાલોમાંથી મળી છે. યુએસ અને યુક્રેનિયન પ્રતિનિધિમંડળો વચ્ચે વાટાઘાટોના એક રાઉન્ડના થોડા કલાકો પછી આ વાટાઘાટો શરૂ થઈ. રાજ્ય સમાચાર એજન્સીઓ અનુસાર, વાટાઘાટો રાજધાની રિયાધમાં શરૂ થઈ હતી અને આ બેઠક પછી, યુએસ અને યુક્રેનિયન પ ક્ષો વચ્ચે બીજી બેઠક થવાની સંભાવના છે.અહેવાલમાં જણાવાયું છે કે રશિયા અને યુક્રેન બંને દ્વારા પાવર પ્લાન્ટ્સ અને નાગરિક માળખાગત સુવિધાઓ પર લાંબા અંતરના હુમલાઓમાં વિરામની વિગતો અલગ-અલગ બેઠકોમાં ચર્ચા કરવામાં આવશે. ઉપરાંત, કાળા સમુદ્રમાં હુમલાઓને રોકવા માટે સુરક્ષિત વાણિજ્યિક દરિયાઈ પરિવહન સુનિશ્ચિત કરવા પર પણ ચર્ચા કરવામાં આવશે. યુક્રેન અને રશિયા બુધવારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની વાતચીત બાદ મર્યાદિત યુદ્ધવિરામ માટે સૈદ્ધાંતિક રીતે સંમત થયા હતા, પરંતુ બંને પક્ષોએ કયા લક્ષ્યો પર હુમલો કરવાની મનાઈ રહેશે તે અંગે અલગ અલગ મંતવ્યો વ્યક્ત કર્યા હતા. બંને દેશોએ એકબીજા પર યુદ્ધવિરામ કરાર સુધી પહોંચવાના પ્રયાસોને નબળા પાડવાનો આરોપ પણ લગાવ્યો છે.

## અમેરિકા અને રશિયાને મિત્ર બનાવવાના પ્રયાસો પુતિને ડોનાલ્ડ ટ્રમ્પને પોતાનો ફોટો ભેટમાં આપ્યો

। મોસ્કો, તા.૨૫ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને તેમના દ્વારા બનાવેલ પોર્ટ્રેટ ભેટમાં આપ્યું છે. પુતિને આ મહિનાની શરૂઆતમાં મોસ્કોમાં ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફને આ પોર્ટ્રેટ આપ્યું હતું. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે સોમવારે એક પત્રકારના પ્રશ્નનો જવાબ આપતાં આ વાતની પુષ્ટિ કરી. જોકે, તેમણે આ સંદર્ભમાં વધુ કોઈ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો.

ગયા અઠવાડિયે એક ઈન્ટરવ્યુમાં વિટકોફે સૌપ્રથમ ભેટનો ઉલ્લેખ કર્યો હતો.સુત્રોએ જણાવ્યું છે કે જ્યારે વિટકોફે ટ્રમ્પને પેઈન્ટિંગ આપ્યું ત્યારે તે તેનાથી પ્રભાવિત થયા અને તેને સુંદર ગણાવ્યું.

ઈન્ટરવ્યુ દરમિયાન, વિટકોફે પુતિનની ભેટને ‘દયાળુ’ ગણાવી. વિટકોફે પુતિનને યાદ કરીને કહ્યું હતું કે ગયા વર્ષે પેન્સિલવેનિયામાં એક ચૂંટણી રેલીમાં ટ્રમ્પને ગોળી વાગી હોવાનું જાણ્યા પછી તેમણે તેમના માટે પ્રાર્થના કરી હતી. “તે તેના મિત્ર માટે પ્રાર્થના કરી રહ્યો હતો,” વિટકોફે પુતિનની ટિપ્પણીઓને યાદ કરતાં કહ્યું.

યુક્રેનમાં યુદ્ધનો અંત લાવવાના રશિયન અધિકારીઓ સાથેના પ્રયાસોની ચર્ચા કર્યા પછી વિટકોફ પુતિનને મળ્યા. દરમિયાન, સોમવારે સાઉદી અરેબિયામાં શાંતિ વાટાઘાટો ચાલુ રહી, જ્યાં યુક્રેનિયન વાટાઘાટકારોને મળ્યાના એક દિવસ પછી યુએસ અધિકારીઓએ તેમના રશિયન સમકક્ષોને મળ્યા.

૨૦૧૮ ની શરૂઆતમાં, પુતિને ટ્રમ્પને એક ફૂટબોલ ભેટમાં આપ્યો હતો, જેનું સુરક્ષા કારણોસર ગુપ્ત સેવા દ્વારા પ્રથમ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પછી જ ટ્રમ્પે તેમના પુત્રને આ ભેટ આપી.

**ગવર્નર ફૈઝલ કરીમ કુંડીએ કહ્યું** | **ગવર્નર હાઉસ ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે પાકિસ્તાન સરકારે વારંવાર અફઘાન વહીવટીતંત્રને જાણ કરી**

## અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ અમારી વિરુદ્ધ થઈ રહ્યો છે : પાકિસ્તાન

। પેશાવર,તા.૨૫ ।

ખૈબર પખ્તુનખ્વાના ગવર્નર ફૈઝલ કરીમ કુંડીએ કહ્યું કે અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ પાકિસ્તાન વિરુદ્ધ થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે આ મુદ્દા પર અફઘાન સરકાર સાથે ઘણી વખત ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી, પરંતુ કોઈ ફાયદો થયો નથી. ગવર્નર હાઉસ ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે પાકિસ્તાન સરકારે વારંવાર અફઘાન વહીવટીતંત્રને જાણ કરી છે કે અમેરિકા દ્વારા છોડવામાં આવેલા શસ્ત્રો હવે આતંકવાદીઓના હાથમાં છે અને તેનો ઉપયોગ પાકિસ્તાન વિરુદ્ધ થઈ રહ્યો છે.આતંકવાદ, વેપાર, શરણાર્થીઓ અને અન્ય દ્વિપક્ષીય મુદ્દાઓને ઉકેલવા માટેના



માર્ગો પર મતભેદોને કારણે તણાવગ્રસ્ત સંબંધોને સુધારવા માટે બંને દેશોના અધિકારીઓએ કાબુલમાં વાટાઘાટો કરી ત્યારે ગવર્નર ફૈઝલ કરીમ કુંડીની ટિપ્પ ણી આવી. કુંદીએ કહ્યું કે જમિયત ઉલેમા-એ-ઈસ્લામના વડા મૌલાના ફઝલુર રહેમાને અફઘાનિસ્તાનની મુલાકાત લીધી હતી પરંતુ ત્યારબાદ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી.દરમિયાન, અમે તમને અહીં એ પણ જણાવી દઈએ કે પ ાકિસ્તાનમાં ગેરકાયદેસર રીતે રહેતા અફઘાન નાગરિકોને પરત મોકલવાની પ્રક્રિયા સતત ચાલી રહી છે અને ૨૦ માર્ચ સુધીમાં ૮ લાખથી વધુ લોકોને તેમના દેશમાં પાછા મોકલવામાં આવ્યા છે. પાકિસ્તાન સરકારે ગેરકાયદેસર રહેવાસીઓ અને અફઘાન નાગરિકતા કાર્ડ ધારકોને દેશ છોડવા માટે ૩૧ માર્ચની સમયમર્યાદા નક્કી કરી છે. આ અંતર્ગત, અત્યાર સુધીમાં ૮,૭૪,૨૮૨ અફઘાન લોકોને પાકિસ્તાનથી પાછા મોકલવામાં આવ્યા છે. આતંકવાદ સંબંધિત ચિંતાઓને કારણે સરકારે આ પગલું ભર્યું છે. ખૈબર પખ્તુનખ્વાના ગવર્નર ફૈઝલ કરીમ કુંડીએ કહ્યું કે અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ પ ાકિસ્તાન વિરુદ્ધ થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે આ મુદ્દા પર અફઘાન સરકાર સાથે ઘણી વખત ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી, પરંતુ કોઈ ફાયદો થયો નથી. ગવર્નર હાઉસ ખાતે એક પ ત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે પાકિસ્તાન સરકારે વારંવાર અફઘાન વહીવટીતંત્રને જાણ કરી છે કે અમેરિકા દ્વારા છોડવામાં આવેલા શસ્ત્રો હવે આતંકવાદીઓના હાથમાં છે અને તેનો ઉપયોગ પાકિસ્તાન વિરુદ્ધ થઈ રહ્યો છે.

આતંકવાદ, વેપાર, શરણાર્થીઓ અને અન્ય દ્વિપક્ષીય મુદ્દાઓને ઉકેલવા માટેના માર્ગો પર મતભેદોને કારણે તણાવગ્રસ્ત સંબંધોને સુધારવા માટે બંને દેશોના અધિકારીઓએ કાબુલમાં વાટાઘાટો કરી ત્યારે ગવર્નર ફૈઝલ કરીમ કુંડીની ટિપ્પણી આવી.

### નાઇજરના ગૃહ મંત્રાલયે આ માહિતી આપી

### મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે,માલી અને બુર્કિના ફાસોની સરહદ નજીક કોકોરો ગ્રામીણ વિસ્તારના ફામ્બિતા ગામમાં હુમલો થયો હતો

## જેહાદી સંગઠને નાઇજરના ગામને નિશાન બનાવ્યું । હુમલામાં ૪૪ નાગરિકોના મોત

। ડાકાર, તા.૨૫ ।

નાઈજરના પશ્ચિમ ભાગમાં આવેલા એક ગામ પર એક જેહાદી સંગઠને મોટો હુમલો કર્યો છે. આ હુમલામાં ગામના ૪૪ નાગરિકોના મોત થયા હતા. નાઈજરના ગૃહ મંત્રાલયે આ માહિતી આપી. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે,માલી અને બુર્કિના ફાસોની સરહદ નજીક કોકોરો ગ્રામીણ વિસ્તારના ફામ્બિતા ગામમાં હુમલો થયો હતો. તેણે આ હુમલા માટે ઈસ્લામિક સ્ટેટ ઈન ગ્રેટ સહારા અથવા ઈઆઈજીએસને જવાબદાર ઠેરવ્યું.હુમલા અંગે ટિપ્પ ણી માટે ઈઆઈજીએસનો સંપર્ક થઈ શક્યો નહીં. ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, “બપોરે લગભગ ૨ વાગ્યે, જ્યારે મુસ્લિમ શ્રદ્ધાળુઓ શુક્રવારની નમાજ અદા કરી રહ્યા હતા, ત્યારે ભારે હથિયારોથી સજ્જ આતંકવાદીઓએ સંબંધિત મસ્જિદને ઘેરી લીધી અને હત્યાકાંડને અંજામ આપ્યો.” તેમાં કહેવામાં આવ્યું છે કે હુમલાખોરોએ સ્થળ છોડતા પહેલા એક બજાર અને ઘરોને પણ આગ ચાંપી દીધી હતી.નાઈજરમાં ૪૪ નાગરિકોના મોત બાદ સરકારે ૩ દિવસનો શોક જાહેર કર્યો છે. મંત્રાલયે જણાવ્યું હતું કે કામચલાઉ મૃત્યુઆંક



ઓછામાં ઓછો ૪૪ છે, જ્યારે ૧૩ ગંભીર રીતે ઘાયલ છે. મંત્રાલયે ત્રણ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી છે. નાઈજર, તેના પડોશીઓ બુર્કિના ફાસો અને માલી સાથે, એક દાયકા કરતાં વધુ સમયથી જેહાદી જૂથો દ્વારા ચલાવવામાં આવતા બળવા સામે લડી રહ્યું છે. તેમાંથી કેટલાક સંગઠનો અલ-કાયદા અને ઈસ્લામિક સ્ટેટ જૂથ સાથે જોડાયેલા છે. આ પહેલા પણ તે ઘણી વખત આવા હુમલા કરી ચૂક્યો છે. નાઈજરના પશ્ચિમ ભાગમાં આવેલા એક ગામ પર એક જેહાદી સંગઠને મોટો હુમલો કર્યો છે. આ હુમલામાં ગામના ૪૪ નાગરિકોના મોત થયા હતા. નાઈજરના ગૃહ મંત્રાલયે આ માહિતી આપી. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે,માલી અને બુર્કિના ફાસોની સરહદ નજીક કોકોરો ગ્રામીણ વિસ્તારના ફામ્બિતા ગામમાં હુમલો થયો હતો. તેણે આ હુમલા માટે ઈસ્લામિક સ્ટેટ ઈન ગ્રેટ સહારા અથવા ઈઆઈજીએસને જવાબદાર ઠેરવ્યું.હુમલા અંગે ટિપ્પણી માટે ઈઆઈજીએસનો સંપર્ક થઈ શક્યો નહીં. ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, “બપોરે લગભગ ૨ વાગ્યે, જ્યારે મુસ્લિમ શ્રદ્ધાળુઓ શુક્રવારની નમાજ અદા કરી રહ્યા હતા, ત્યારે ભારે હથિયારોથી સજ્જ આતંકવાદીઓએ સંબંધિત મસ્જિદને ઘેરી લીધી અને હત્યાકાંડને અંજામ આપ્યો.” તેમાં કહેવામાં આવ્યું છે કે હુમલાખોરોએ સ્થળ છોડતા પહેલા એક બજાર અને ઘરોને પણ આગ ચાંપી દીધી હતી.

### ૦૩ વર્ષમાં રાજ્યની કુલ રિન્યૂએબલ ઊર્જા ઉત્પાદન ક્ષમતા ૧૫,૪૦૦ મેગાવોટથી વધીને ૩૨,૯૨૪ મેગાવોટ કરવામાં આવી

# રાજ્યના વીજગ્રાહકોને કુલ ૨૦૦૪ કરોડ રૂપિયાની રાહત વર્ષ-૨૦૨૪ દરમિયાન અપાઈ : કનુ દેસાઈ

**ગુજરાત સમગ્ર દેશમાં રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે સોલાર અને વિન્ડ એનર્જીમાં અગ્રસ્થાને છે : ઊર્જામંત્રી**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૫ ।

રાજ્ય વિધાનસભાના બજેટ સત્રમાં રાજ્યના ગ્રાહકોને અપાયેલી વીજરાહત અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે વર્ષ-૨૦૨૪ દરમિયાન રાજ્યમાં ૦૨ વખત વીજદરોમાં ઘટાડો કરવામાં આવતાં વીજગ્રાહકોને કુલ સરેરાશ રૂ. ૨૦૦૪ કરોડની રાહત આપવામાં આવી છે.

આ અંગેની વિગતો આપતાં ઊર્જા મંત્રીએ જણાવ્યું કે, ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા દર ત્રણ (૦૩) મહિને રાજ્યમાં જે પ્રમાણમાં વીજ ઉત્પાદન થાય, તેની સામે થયેલા ખર્ચની ગણતરી કરીને તે મુજબ ફ્યૂઅલ ચાર્જ નિયત કરવામાં આવે છે.

મંત્રીએ જણાવ્યું કે ગુજરાત સમગ્ર દેશમાં રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે સોલાર અને વિન્ડ એનર્જીમાં અગ્રસ્થાને છે. છેલ્લાં ૦૩ વર્ષમાં રાજ્યની કુલ રિન્યૂએબલ ઊર્જા ઉત્પાદન ક્ષમતા ૧૫,૪૦૦ મેગાવોટથી વધીને ૩૨,૯૨૪ મેગાવોટ કરવામાં આવી છે.

મંત્રી દેસાઈએ કહ્યું કે દેશમાં વર્ષ ૨૦૭૦ સુધીમાં કાર્બન ઉત્સર્જન ઝીરો કરવા માટે રિન્યૂએબલ એનર્જી સ્રોતો મારફત ૫૦૦ ગીગાવોટ વીજળી ઉત્પન્ન કરવાનું આયોજન છે. જેમાં ગુજરાતનું પણ ૧૦૦ ગીગાવોટ રિન્યૂએબલ વીજળી ઉત્પન્ન કરવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.

મંત્રીએ ઉમેર્યું કે વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૦૨ વખત વીજ દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૪ની અસરથી યુનિટદીઠ ૫૦ પૈસા, જ્યારે તા. ૧ ઑક્ટોબર, ૨૦૨૪થી ૪૦ પૈસા એમ ૦૨ વખત ઘટાડો કરવામાં આવતાં વર્ષ-૨૦૨૪માં વીજગ્રાહકોને કુલ રૂ. ૨૦૦૪ કરોડની સરેરાશ રાહત આપ વામાં આવી છે. વીજ નિયમન પંચ દ્વારા આગામી સમીક્ષા ન થાય, ત્યાં સુધી રાજ્યના ૧ કરોડ ૫૦ લાખ વીજગ્રાહકો માટે આ ઘટાડો લાગુ રાખવામાં આવશે.

## રાજ્યના ૧ કરોડ ૫૦ લાખ વીજગ્રાહકો માટે આ ઘટાડો લાગુ રાખવામાં આવશે



આ ઘટાડાથી વર્ષ ૨૦૨૪ દરમિયાન મોરબી જિલ્લાના ૩,૦૨,૪૧૦ વીજગ્રાહકોને કુલ રૂ. ૧૮૯.૫૪ કરોડની રાહત આપવામાં આવી છે. જ્યારે પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૨૪ દરમિયાન ૪,૧૨,૧૯૩ વીજગ્રાહકોને ૨૧.૬૫ કરોડની રાહત આપવામાં આવી હોવાનું મંત્રીએ જણાવ્યું હતું.રાજ્યના બીપીએલ કાર્ડ ધારકોને વીજબિલના દરોમાં અપાતી રાહત અંગે ઊર્જા મંત્રીએ જણાવ્યું કે અન્ય રહેણાક વિસ્તારોના વીજ ગ્રાહકોની સરખામણીએ બીપીએલ કાર્ડધારકો માટે વીજદરો ઓછા હોય છે. જે મુજબ રહેણાક વિસ્તારના ગ્રાહકો માટે ફિક્સ્ડ ચાર્જ રૂ. ૧૫ થી ૭૦ છે, જ્યારે બીપીએલ કાર્ડધારકો માટે ફિક્સ્ડ ચાર્જ રૂ. ૫ છે. આ જ પ્રકારે ગ્રામ્ય વિસ્તારોમાં પ્રથમ ૫૦ યુનિટદીઠ ચાર્જ રૂ. ૨.૬૫, જ્યારે શહેરી વિસ્તારોમાં પ્રથમ ૫૦ યુનિટના રૂ. ૩.૦૫ ની સરખામણીએ બીપીએલ કાર્ડધારકો માટે પ્રથમ ૫૦ યુનિટ દીઠ રૂ. ૧.૫૦ લેખે વીજ ચાર્જ આકારવામાં આવે છે તેમ તેને ઉમેર્યું હતું. મંત્રીએ ઉમેર્યું કે વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૦૨ વખત વીજ દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૪ની અસરથી યુનિટદીઠ ૫૦ પૈસા, જ્યારે તા. ૧ ઑક્ટોબર, ૨૦૨૪થી ૪૦ પૈસા એમ ૦૨ વખત ઘટાડો કરવામાં આવતાં વર્ષ-૨૦૨૪માં વીજગ્રાહકોને કુલ રૂ. ૨૦૦૪ કરોડની સરેરાશ રાહત આપવામાં આવી છે.

### ચોક્કસ જ્ઞાતિના છાત્રોને માર્ક આપવાની વાત કર્યાનો આરોપ

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આસિ. પ્રોફેસર સામે ૫ વિદ્યાર્થિનીઓએ આક્ષેપો કર્યા

**ભવનની છાત્રાઓએ સીએમઓ સુધી ફરિયાદ કરતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો છે**

। પરતિનિધિ, રાજકોટ, તા.૨૫ ।

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર ભવનના આસિસ્ટન્ટ પ્રોફેસર સામે કોલેજની ૫ વિદ્યાર્થિનીઓએ દ્વિઅર્થી સંવાદ બોલવા અંગે આક્ષેપો કરતા ખળભળાટ મચી ગયો છે. તેમજ ચોક્કસ જ્ઞાતિના છાત્રોને માર્ક આપવાની વાત કર્યાનો આરોપ મૂકવામાં આવ્યો છે.રાજકોટમાં આવેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી એકવાર વિવાદમાં આવી છે. અર્થશાસ્ત્ર ભવનના આસિસ્ટન્ટ પ્રોફેસર વિવાદમાં આવ્યા છે. ૫ વિદ્યાર્થિનીઓએ પ્રોફેસર સામે દ્વિઅર્થી સંવાદ બોલવાના વિદ્યાર્થિનીઓએ આક્ષેપો કર્યા છે. ચોક્કસ જ્ઞાતિના છાત્રોને માર્ક આપવાની વાતોનો આરોપ




આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. સંજય પંડ્યા સામે કરવામાં આવ્યો છે. તેમના જ ભવનની છાત્રાઓએ સીએમઓ સુધી ફરિયાદ કરતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો છે.રાજ્ય મહિલા આયોગ દ્વારા યુનિવર્સિટીના કુલપતિને તપાસના આદેશ અપાયા છે. મહિલા આયોગે મેઈલ કરી સમગ્ર મામલે કુલપતિને જાણ કરી છે. વિદ્યાર્થિનીઓ દ્વારા કરાયેલા આક્ષેપોમાં ખરેખર કેટલું તથ્ય છે તે તપાસ બાદ સામે આવશે. તો બીજી બાજુ તાજેતરમાં જૂનાગઢનાં ભેંસાણની સરકારી વિનયન કોલેજમાં આસિસ્ટન્ટ પ્રોફેસરે વિદ્યાર્થિનીની છેડતી કર્યાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

### દરિયાકિનારે વાવાઝોડાથી

# વીજ વાયરોને થતું નુકસાન અટકાવવા, ૧.૭૪ લાખથી વધુ થાંભલા બદલવામાં આવ્યા : ઉર્જા મંત્રી

**સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા ૦૨ વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં રૂ. ૪,૯૬૪.૨૯ લાખ તેમજ જામનગર જિલ્લામાં રૂ. ૯,૨૫૬.૦૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો**

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૨૫ ।

વાવાઝોડા કે સાયકલોન જેવી કુદરતી આપત્તિ સમય દરિયાકિનારાના જિલ્લાઓમાં વીજ વાયરોને થતું નુકસાન અટકાવવા અને ખેડૂતોને સતત વીજળી મળી રહે તે માટે તબક્કાવાર ઓવર હેડ લાઈનને અંડર ગ્રાઉન્ડ કરવાની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં 'સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના' હેઠળ વીજ માળખું સુરક્ષિત અને વીજ પુરવઠો ચાલુ રહે તે માટે ૧૬.૯૭ વીજ લાઈનના ૦૨ વીજ ફીડરને રૂ.૨.૭૪ કરોડથી વધુના ખર્ચે અંડરગ્રાઉન્ડ કેબલમાં રૂપાંતરિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે, તેમ વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું. ઊર્જા મંત્રી દેસાઈ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા ૦૨ વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં રૂ. ૪,૯૬૪.૨૯ લાખ તેમજ જામનગર જિલ્લામાં રૂ. ૯,૨૫૬.૦૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂતો અને નાગરિકોના હિતમાં બિપરજોય વાવાઝોડા બાદ સાગરખેડૂ વિકાસ યોજના હેઠળ દરિયા કિનારાના જિલ્લાઓમાં અંડર ગ્રાઉન્ડ વીજળી લાઈન, નવા સબ સ્ટેશન, જર્જરિત વાયર બદલવા તેમજ નવા વીજ જોડાણ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.તેમણે કહ્યું હતું કે, આ વિસ્તારમાં રૂ. ૨,૫૩૪ કરોડના ખર્ચે ૨૩૬ નવા સબ સ્ટેશન તેમજ રૂ. ૧૯૮ કરોડના ખર્ચે અંદાજે ૧.૩૦ લાખ નવા ખેત જોડાણ આપવામાં આવ્યા છે. આ 'સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના' વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમના કાર્યકાળ દરમિયાન વર્ષ ૨૦૦૭-૦૮માં અમલમાં મૂકવામાં આવી હતી. ડિસેમ્બર ૨૪ સુધી આ યોજના અંતર્ગત કુલ રૂ.૧૦૦૯ કરોડના ખર્ચે ૭૩,૭૬૨ કિ.મી. જર્જરિત વીજ લાઈનો અને ૧.૭૪ લાખથી વધુ થાંભલા બદલવામાં આવ્યા છે.

### ફરીવાર ટ્રાફિક પોલીસનો છબરડો

# અમદાવાદમાં હેલ્મેટ ના પહેરવાનો વસ્ત્રાલના એક યુવકને ૧૦ લાખ રૂપિયાનો મેમો આવ્યો

**બનાવ એવો છે કે વસ્ત્રાલના એક યુવકને સરખેજ વિસ્તારમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ટ્રાફિક પોલીસે મેમોનો મેસેજ આપ્યો હતો । જ્યારે યુવકે મેમોનો મેસેજ જોયો તો તેના હોશ ઉડી ગયા**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૫ ।

હેલ્મેટ વગર વાહન ચલાવવું એ કાયદાનું ઉલ્લંઘન છે અને તેના માટે દંડની જોગવાઈ છે. પરંતુ, અમદાવાદના વસ્ત્રાલમાં રહેતા એક યુવકને હેલ્મેટ વગર વાહન ચલાવવા બદલ ૧૦ લાખ રૂપિયાનો મેમો ફટકારવામાં આવ્યો છે, જેણે સૌને ચોંકાવી દીધા છે.બનાવ એવો છે કે વસ્ત્રાલના એક યુવકને સરખેજ વિસ્તારમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ટ્રાફિક પોલીસે મેમોનો મેસેજ આપ્યો હતો. જ્યારે યુવકે મેમોનો મેસેજ જોયો તો તેના હોશ ઉડી ગયા, કારણ કે તેમાં દંડની રકમ ૧૦ લાખ ૫૦૦ રૂપિયા લખેલી હતી. આટલી મોટી રકમનો મેમો જોઈને યુવક અને તેના પરિવારજનોની ઊંઘ હરામ થઈ ગઈ.યુવકને આટલી મોટી રકમનો મેમો આવવા બદલ કોર્ટમાં જવું પડી શકે છે. જો કે, આટલી મોટી રકમ ભરવી યુવક કે કોઈ પણ મધ્યમ વર્ગના નાગરિક માટે અશક્ય છે, તેથી



તેણે પોલીસ કમિશનર કચેરી ખાતે અરજી કરી અને પોતાની પરિસ્થિતિ જણાવી હતી. યુવકે વિનંતી કરી કે આ મેમોમાં કોઈ ભૂલ હોવી જોઈએ અને તેની તપાસ થવી જોઈએ.મળતી માહિતી અનુસાર, અમદાવાદના વસ્ત્રાલમાં રહેતા ૨૨ વર્ષના હડિયા અનિલને સરખેજ શાંતિપુરા સર્કલ ખાતે ટ્રાફિક નિયમ ભંગ બદલ ૧૦ લાખ ૫૦ હજારનો મેમો આવતા પરિવારના હાજા ગગડ્યા છે. વકીલાતનો અભ્યાસ કરતો યુવક ગત વર્ષે જુલાઈમાં પરિવારના પાન પાર્લર પર પાન મસાલા આપવા એકટિવા પર હેલ્મેટ વિના જઈ રહ્યો હતો, ત્યારે ફરજ પરના ટ્રાફિક જવાનએ તેને રોકી લાયસન્સ માંગીને કાર્યવાહી કરેલ તેના પંદરેક મિનિટના ગાળામાં મોબાઈલ પર નિયમભંગનો મેસેજ આવેલ. જોકે ઓઢવ પોલિસ દ્વારા ગત માસે પોલિસ ચોકી માથી બોલાવીને કોર્ટમાં જવાનું કહેતા યુવક જ્યારે મેટ્રો કોર્ટમાં જતા તેઓ ને મેટ્રો કોર્ટની વેબસાઈટ જોતા આ નિયમભંગને લઈ ને ૧૦ લાખ ૫૦ હજારનો મેમો જોઈ પરિવાર ચિંતામાં મુકાયો.

**જામનગર સીટી બ્યુટીફિકેશનના નામે અનેક દરખાસ્ત મંજુર**

# જામનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૧૫ કરોડ ૨૬ લાખના વિકાસકામોની દરખાસ્તો મંજૂર

**જામનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠક આજે ચેરમેન નિલેશ બી.કગથરાના અધ્યક્ષ સ્થાને મળેલ હતી । તેમાં કુલ ૧૧ સભ્યો હાજર રહેલ હતા**




। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

જામનગર મહાનગરપાલિકાની આજે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કુલ રૂપિયા ૧૫ કરોડ ૨૬ લાખના નિવિધ વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી. ખાસ કરીને જામનગર સીટી બ્યુટીફિકેશનના નામે અનેક દરખાસ્ત મંજુર કરવામા આવી છે.જામનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠક આજે ચેરમેન નિલેશ બી.કગથરાના અધ્યક્ષ સ્થાને મળેલ હતી. તેમાં કુલ ૧૧ સભ્યો હાજર રહેલ હતા. આ ઉપરાંત કમિશ્નર ડી.એન.મોદી, ડે.કમિશ્નર દેવેન્દ્રસિંહ ઝાલા, સીટી એન્જીનીયર ભાવેશભાઈ જાની, ઈચા. આસી. કમિશ્નર (ટે.) જીજ્ઞેશ નિર્મલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાંટ અંતર્ગત સીવીલ ઈસ્ટ ઝોન (વોર્ડ નં.૧૨) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસ યોજના અંતર્ગત સી.સી. રોડ/સી.સી. બ્લોક (પેવર બ્લોક) ના કામ માટે રૂ.૩૫.૧૩ લાખનું ખર્ચ મંજુર કરવામાં આવ્યું હતું.જામનગર મહાનગરપાલિકા હસ્તકના ગાર્ડન રીઝર્વ ફાઈનલ પ્લોટ નં. ૮૨, ટી.પી. સ્કીમ નં. ૨ (જાડા), ફાઈનલ પ્લોટ નં. ૬૬ ટી.પી. સ્કીમ નં. ૩/એ (જાડા), ફાઈનલ પ્લોટ નં. ૭૩, ટી.પી. સ્કીમ નં. ૨ (જાડા), ફાઈલન પ્લોટ નં. ૭૮, ટી.પી. સ્કીમ નં. ૨ (જાડા) અને ખીજડીયા પમ્પ હાઉસ પાસે આવેલ જગ્યા ગાર્ડન ડેવલોપમેન્ટ માટે આપવા અંગે કમિશ્નરની રજુ થયેલ દરખાસ્ત અન્વયે અને દરખાસ્તની વિગતે ભલામણ સાથે જનરલ બોર્ડમાં મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં ફાઈનલ પ્લોટ નં.૮૨, ટી.પી. સ્કીમ નં. ૨ (જાડા) ચીકુવાડી પાસે , ફાઈનલ પ્લોટ નં.૯૬ ટી.પી. સ્કીમ નં. ૩/એ (જાડા) આવાસ યોજના પાસે, ફાઈનલ પ્લોટ નં. ૭૩, ટી.પી. સ્કીમ નં. ૨ (જાડા) ચીકુવાડી પાસે, ફાઈલન પ્લોટ નં. ૭૮, ટી.પી. સ્કીમ નં. ૨ (જાડા) રામ મંદિર પાસે અને ખીજડીયા પમ્પ હાઉસ પાસેનો સમાવેશ થાય છે. નિવિધ વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી.

## મહેસાણા-મુંબઈ વચ્ચે ફ્લાઇટ સેવા શરૂ થવી જોઈએ : સાંસદ મયંક ભાઈ નાયકે કેન્દ્રીય મંત્રીને પત્ર લખ્યો

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૨૫ ।

ગુજરાતના રાજ્યસભા સાંસદ મયંક ભાઈ નાયકે કેન્દ્રની પ્રાદેશિક કનેક્ટિવિટી યોજના, ઉડાન હેઠળ મહેસાણા અને મુંબઈ વચ્ચે સીધી હવાઈ જોડાણ શરૂ કરવા કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયને વિનંતી કરી છે. નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી મુરલીધર મોહોલને લખેલા પત્રમાં, સાંસદ નાયકે ઉત્તર ગુજરાતમાં વેપાર, પર્યટન અને પ્રાદેશિક વિકાસને વેગ આપવા માટે મહેસાણા માટે હવાઈ સેવાઓ



શરૂ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. મહેસાણાને એક મુખ્ય ઔદ્યોગિક અને વાણિજ્યિક કેન્દ્ર ગણાવતા, નાયકે કહ્યું કે શહેર અને તેની આસપાસના જિલ્લાઓને લાંબા સમયથી વધુ સારી હવાઈ જોડાણની જરૂર હતી.૨૦ માર્ચના પત્રમાં, નાયકે જણાવ્યું હતું કે, "મહેસાણા ફક્ત આપણા વડા પ્રધાનનો ગૃહ જિલ્લો જ નથી, પરંતુ ઉત્તર ગુજરાતનું એક મહત્વપૂર્ણ આર્થિક કેન્દ્ર પણ છે. આ પ્રદેશના તેલ અને ગેસ ઉદ્યોગ, ડેરી ક્ષેત્ર, કૃષિ અને વિવિધ વ્યવસાયિક પ્રવૃત્તિઓ આ પ્રદેશના અર્થતંત્રમાં નોંધપાત્ર ફાળો આપે છે."

## માણેકચોક વિસ્તારમાં આવેલી ઘાંચીની પોળમાં ત્રણ માળનું મકાન ધરાશાયી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદના માણેકચોક વિસ્તારમાં આવેલી ઘાંચીની પોળમાં સોમવારે બપોરના સુમારે ત્રણ માળનુ મકાન ધરાશાયી થતાં સાંકડા એવા આ વિસ્તારમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. મકાન ધરાશાયી થતાં બે લોકો ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે એસ.વી.પી.હોસ્પિટલ ખાતે મોકલી અપાયા હતા. ધરાશાયી થયેલા મકાનના કાટમાળમાં ફસાયેલા અન્ય ત્રણ વ્યકિતને ફાયર વિભાગે બહાર કાઢી સારવાર માટે હોસ્પિટલ મોકલી આપ્યા હતા.

### અમદાવાદના વસ્ત્રાલની ઘટના સરકાર અને પોલીસતંત્ર એલર્ટ મોડમાં આવી ગયું

# અમદાવાદના અસામાજિક તત્ત્વોની બીજી યાદી તૈયાર । કાર્યવાહીનો સિલસિલો યથાવત રહેશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

અમદાવાદના વસ્ત્રાલની ઘટના સરકાર અને પોલીસતંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. રાજ્ય પોલીસ વડા દ્વારા અસામાજિક તત્ત્વો સામે કાર્યવાહી કરવા અને યાદી બનાવવાની સૂચના બાદ રાજ્યભરમાંથી અસામાજિક તત્ત્વોની યાદી તૈયાર કરાઈ હતી. ત્યારે અમદાવાદમાં અસામાજિક તત્ત્વો સામે તંત્ર દ્વારા કાર્યવાહીનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. પોલીસ અને સ્પેશિયલ મોનિટરિંગ સેલ દ્વારા આરોપીઓની બીજી યાદી તૈયાર કરાઈ છે. જેમાં ૧૦ જેટલા ગુનેગારો વિરૂદ્ધ કાર્યવાહી થઈ શકે છે. અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે શહેર પોલીસ કમિશનર દ્વારા શહેરમાં અસામાજિક પ્રવૃત્તિ કરતા કુલ ૧૨ ઈસમોની ધરપકડ કરી પાસાની કાર્યવાહી કરી રાજ્યની સુરત જેલમાં ધકેલી દીધા છે અને ૫ ઈસમોને તડીપાર કરવા કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદના વસ્ત્રાલની ઘટના સરકાર અને પોલીસતંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. રાજ્ય પોલીસ વડા દ્વારા અસામાજિક તત્ત્વો સામે કાર્યવાહી કરવા અને યાદી બનાવવાની સૂચના બાદ રાજ્યભરમાંથી અસામાજિક તત્ત્વોની યાદી તૈયાર કરાઈ હતી. ત્યારે અમદાવાદમાં અસામાજિક તત્ત્વો સામે તંત્ર દ્વારા કાર્યવાહીનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. પોલીસ અને સ્પેશિયલ મોનિટરિંગ સેલ દ્વારા આરોપીઓની બીજી યાદી તૈયાર કરાઈ છે.

**ત્રણ વર્ષીય માસૂમ બાળકી સાથે વિધર્મી યુવાને**

# વાપી કોર્ટનો ઐતિહાસિક ચુકાદો : આરોપીને આજીવન કેદની સખત સજા

। પ્રતિનિધિ, દમણ,તા.૫ ।

વલસાડ જિલ્લાના ઉમરગામના ગાંધીવાડીમાં રહેતા પરિવારની ત્રણ વર્ષીય માસૂમ બાળકી સાથે વિધર્મી યુવાને દુષ્કર્મના કેસમાં વાપી એડિશનલ સેશન્સ કોર્ટે આરોપ ીને અંતિમ શ્વાસ સુધી આજીવન કેદની સખત સજા ફટકારતો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. આ ઉપરાંત દોષિતને રૂ. ૫૦ હજાર દંડ પણ ફટકારાયો છે, જ્યારે દંડની રકમ અને વળતર પેટે રૂ. ૬ લાખ મળીને કુલ રૂ. ૬.૫૦ લાખ પીડિતાના પરિવારને ચૂકવવાનો આદેશ કરાયો છે. આ કેસની વિગત એવી છે કે, ઉમરગામના ગાંધીવાડીમાં રહેતા એક પરિવારની ત્રણ વર્ષીય માસૂમ બાળકી સાથે પાડોશમાં રહેતા યુવાને દુષ્કર્મ કરતા ચકચાર મચી ગઈ હતી. આ યુવક વિધર્મી હોવાથી હિન્દુ સંગઠનના આગેવાનો સહિત લોકોએ પ ોલીસ મથકનો ઘેરાવ કરી હંગામો મચાવી દીધો હતો. વર્ષની બાળકી પર દુષ્કર્મ બદલ આજીવન કેદની સજા કરવામાં આવી.


લોક પત્રિકા હવે અહીં પણ

ભારતની નં.૧ ન્યૂઝ એપ

dailyhunt




પળેપળના સમાચારની અપડેટ જોવા માટે આજે જ ડેઈલી હન્ટમાં લોક પત્રિકાને ફોલો કરો



**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya